સંકલિત બાળ વિકાસ સેવા યોજના
ગુજરાત રાજ્ય

नए समाज की ओर
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત રાજ્ય

વર્ષ: ૭, અંક: ૧,૨,૩

# સહિયર ગોષ્ઠી







**હર ઘર સ્વદેશી**
**ઘર-ઘર સ્વદેશી**

પોષણ સંગમ


ઈ-લોકાર્પણ, ઈ-ખાતમુહૂર્ત, આવાસોના ડ્રૉ તથા
આંગણવાડી કાર્યકરોને મોબાઈલ વિતરણ
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માન. મુખ્યમંત્રી, ગુજરાતના વરદ હસ્તે




મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજિત
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ








મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજિત
આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ – ૨૦૨૬ની ઉજવણી નિમિત્તે

# અનુક્રમણિકા


સહિયર ગોષ્ઠી

**તંત્રી** : ડો. રણજિતકુમાર સિંહ
**સહતંત્રી** : જિજ્ઞાસા પંડ્યા
**સંપાદક** : ક્રિષ્ના વૈષ્ણાણી
**સહસંપાદક** : નીતા ચૌધરી
**પરામર્શ મંડળ** : મનીષા પટેલ
અમી પટેલ
દિશા ડોડિયા
નેહા કંથારિયા
નયન પારાગી



**ઈ-મેઈલ :**
**icdswcdmagazine@gmail.com**

**તંત્રી વિભાગ**
'સહિયર ગોષ્ઠી'કાર્યાલય, કમિશનરશ્રી, મહિલા અને બાળવિકાસની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં.૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦



**32+4 ટાઈટલ = કુલ 36 પાનાં**
મહિલા અને બાળવિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટોલીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત


આપના વિસ્તારમાં મહિલા અને બાળવિકાસને લગતી કોઈ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત 'સહિયર ગોષ્ઠી' ત્રિમાસિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ icdswcdmagazine@gmail.com ઈ-મેઈલ આઈડી ઉપર તસ્વીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને 'સહિયર ગોષ્ઠી'માં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.


| | | |
|---|---|---|
| ૦૧ | આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની રાજ્યકક્ષાએ ઉજવણી | ૦૧ |
| | – રાજ્ય કક્ષાનો માતા યશોદા એવોર્ડ વિતરણ કાર્યક્રમ | ૦૨ |
| ૦૨ | આંગણવાડી કાર્યકર બહેનોને સ્માર્ટ ફોન વિતરણ કાર્યક્રમ | ૦૪ |
| ૦૩ | આંગણવાડી નવીનીકરણમાં થયેલી કામગીરી | ૦૬ |
| ૦૪ | આધારશિલા અભ્યાસક્રમ અંગે કાર્યશાળા | ૦૮ |
| ૦૫ | દિવ્યાંગ બાળકનો આંગણવાડીમાં સમાવેશ | ૧૪ |
| ૦૬ | એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ, ૨૦૨૬ | ૧૫ |
| ૦૭ | સ્ટેટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજના અંતર્ગત ઝોન વાઈઝ માસ્ટર ટ્રેનર માટે ટ્રેનિંગ ઓફ ટેનર્સ તાલીમ | ૧૭ |
| ૦૮ | 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત સુરક્ષિત દીકરી વધામણાં કીટ વિતરણ અને સાફલ્યગાથા | ૧૯ |
| ૦૯ | વન સ્ટોપ સેન્ટર સાફલ્યગાથા | ૨૧ |
| ૧૦ | કાઉન્સેલિંગથી બચ્યું ૨૨ વર્ષનું લગ્નજીવન પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર | ૨૩ |
| | – મહિલા સહાયતા કેન્દ્રોના પ્રયાસોથી સુખદ સમાધાન | ૨૪ |
| ૧૧ | ૧૮૧ અભિયાન મહિલા હેલ્પલાઇન દ્વારા થયેલી ઉત્કૃષ્ટ કામગીરી | ૨૫ |
| ૧૨ | સંઘર્ષમાંથી નવી શરૂઆત તરફ પ્રેરણા આપતું નારી સંરક્ષણ ગૃહ | ૨૬ |
| ૧૩ | પોષણ ઉડાન કિશોરીઓ દ્વારા પતંગોત્સવ ઉજવણી | ૨૭ |
| ૧૪ | અહેસાસ ન્યાય કા સબ કે લિયે તાલીમ કાર્યક્રમ | ૨૯ |
| | – જેન્ડર બજેટ,૨૦૨૬-૨૭ | |
| | – SETU કાર્યક્રમ | |
| ૧૫ | પ્રદર્શન સહ વેચાણ મેળો યોજના | ૩૨ |

# ૦૧ રાજ્ય કક્ષાએ ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ગાંધીનગર ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને **આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં તેમજ મહિલા અને બાળવિકાસ મંત્રીશ્રી ડૉ.મનીષાબેન વકીલની પ્રેરક ઉપસ્થિતિમાં 'નારી ગૌરવ સંવાદ અને માતા યશોદા એવોર્ડ વિતરણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.**

આ કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ પદ્મશ્રી પુરસ્કૃત મહિલાઓ, નીતિ આયોગ દ્વારા પુરસ્કૃત મહિલાઓ, સામાજિક ક્ષેત્રે સેવા આપતી મહિલાઓ, રમતગમત તથા કથાક્ષેત્રની ખ્યાતનામ મહિલાઓ, શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરતી મહિલાઓ તેમજ રાજ્યની સંસ્કૃતિ અને હસ્તકલા સાથે જોડાયેલી પ્રતિભાશાળી મહિલાઓ સાથે પ્રત્યક્ષ સંવાદ કરી મહિલા સશકતીકરણ અને મહિલા ઉત્કર્ષ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી અને મહિલા કલ્યાણ માટે ઉત્કૃષ્ટ કામગીરી બદલ શ્રેષ્ઠ સ્વૈચ્છિક સંસ્થા અને શ્રેષ્ઠ મહિલા કાર્યકરને 'ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર' થી સન્માનિત કર્યા, તેમજ આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ વિવિધ ક્ષેત્રની પ્રતિભાસંપન્ન અગ્રણી મહિલાઓ સાથે પ્રત્યક્ષ સંવાદ કરીને મહિલા ઉત્કર્ષ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.






# ગૌરવવંતી કામગીરી, ગૌરવવંતું સન્માનઃ આંગણવાડીની બહેનોને મળ્યો સ્નેહ અને પુરસ્કાર

ગુજરાત રાજ્યમાં બાળકોના પાયાના શિક્ષણ (જ્ઞાન સાથે ગમ્મત), પોષણ સ્તર સુધારવા તેમજ કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓના આરોગ્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવાઓ આપનાર આંગણવાડી ઘટકોની કામગીરીને પ્રોત્સાહિત કરવા સરકારશ્રી દ્વારા દર વર્ષે એવૉર્ડ આપવામાં આવે છે.

જે અંતર્ગત, વર્ષ, ૨૦૨૩-૨૪ માં રાજ્યના ચારેય ઝોન પૈકી શ્રેષ્ઠ કામગીરી કરનાર મુખ્યસેવિકા, આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની પસંદગી કરવામાં આવી હતી. આ બહેનોને તેમની પ્રસંશનીય સેવાઓ બદલ તા. ૦૭/૦૩/૨૦૨૬ ના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની રાજ્ય કક્ષાની ઉજવણી દરમિયાન માન. મુખ્યમંત્રીશ્રી તથા માન. મંત્રીશ્રી (મહિલા અને બાળકલ્યાણ) ના હસ્તે **'રાજ્ય કક્ષાના માતા યશોદા એવૉર્ડ' તથા નીચે મુજબની ઈનામી રકમ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં છે.**

### રાજ્ય કક્ષાના એવૉર્ડ

| | |
|---|---|
| મુખ્યસેવિકા | રૂ. ૬૧૦૦૦/- |
| આંગણવાડી કાર્યકર | રૂ. ૫૧૦૦૦/- |
| આંગણવાડી તેડાગર | રૂ. ૩૧૦૦૦/- |

### જિલ્લા/મહાનગરપાલિકા કક્ષાના એવૉર્ડ

| | |
|---|---|
| મુખ્યસેવિકા | રૂા.૪૧૦૦૦/- |
| આંગણવાડી તેડાગર | રૂા.૩૧૦૦૦/- |
| આંગણવાડી તેડાગર | રૂા.૨૧૦૦૦/- |

### ઘટકકક્ષાના એવૉર્ડ

| | |
|---|---|
| આંગણવાડી કાર્યકર | રૂા.૨૧૦૦૦/- |
| આંગણવાડી તેડાગર | રૂા.૧૧૦૦૦/- |










**આમ એવૉર્ડમાં રાજ્ય કક્ષા, જિલ્લા/મહાનગરપાલિકા કક્ષા તેમજ ઘટક કક્ષાના એવૉર્ડનો સમાવેશ કરવામાં આવ્યો છે.**

# જિલ્લા કક્ષાએ ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની વર્ષ, ૨૦૨૬ ની થીમ "Rights, Justice, Action For All Women and Girls" અન્વયે મહિલા અને બાળવિકાસ વિભાગ તથા જિલ્લા વહીવટીતંત્રના સહકારથી ગુજરાત રાજ્યના 33 જિલ્લાઓ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જિલ્લા કક્ષાએ કાર્યક્રમ દરમ્યાન **મહિલા ઉદ્યમીઓનું સન્માન, ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજનાના લાભાર્થીને ચેક/મંજૂરી હુકમ વિતરણ, વહાલી દીકરી યોજનાના લાભાર્થીને કીટ/મંજૂરી હુકમ વિતરણ, મહિલા સ્વાવલંબન યોજનાના લાભાર્થીને સબસીડીના ચેક વિતરણ તથા અન્ય જુદી જુદી યોજના** હેઠળ લાભ વિતરણ કરવામાં આવ્યાં હતા તથા પંચાયત સ્તરે તેમજ નગરપાલિકા/મહાનગરપાલિકા સ્તરે સામાજિક અને આર્થિક વિકાસમાં સ્થાનિક રીતે ઉત્કર્ષ યોગદાન તથા વિશેષ સિદ્ધિ મેળવેલી મહિલાઓ/દીકરીઓનું આ પાવન દિવસે સન્માનિત કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન, મહિલાલક્ષી યોજનાઓના સ્ટોલ નિદર્શન તથા પેમ્પલેટ વિતરણ દ્વારા યોજનાકીય પ્રચાર – પ્રસાર કરવામાં આવ્યો હતો.













# ૦૨ આંગણવાડી કાર્યકર બહેનોને ટેકનોલોજીથી સક્ષમ બનાવવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ: માન. મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે રાજયવ્યાપી સ્માર્ટ ફોન વિતરણનો અમદાવાદ ખાતેથી પ્રારંભ

માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યભરની આશરે **પ૩ હજારથી વધુ આંગણવાડી કાર્યકર બહેનોને સ્માર્ટ મોબાઈલ ફોન વિતરણ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે,** જેના કારણે આંગણવાડી સેવાઓ વધુ અસરકારક બનશે. તેમણે જણાવ્યું હતું કે આંગણવાડી બહેનો દ્વારા કેન્દ્રોમાં આવતાં બાળકોનું વજન તથા ઊંચાઈ માપવી, પોષણ સંબંધિત માહિતી એકત્ર કરવી અને 'પોષણ ટ્રેકર' એપ્લિકેશનમાં ડેટા અપલોડ કરવા જેવી કામગીરી હવે વધુ સરળ અને ઝડપી બની રહેશે. આથી બાળકોના આરોગ્ય અને પોષણ પર સતત નજર રાખી શકાશે, જેના ભાગ રૂપે તા.૨૯.૦૩.૨૦૨૬ રવિવારના રોજ સાંજે ૪:૦૦ વાગે ઑડિટોરિયમ હોલ, ગુજરાત યુનિવર્સિટી ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ મહિલા અને બાળકલ્યાણ તથા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના રાજ્યકક્ષાનાં મંત્રીશ્રી, માનનીય ડૉ.મનીષાબેન વકીલ, શહેરી વિકાસ વિભાગના રાજ્યકક્ષાનાં મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા તેમજ અન્ય પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા અમદાવાદ શહેરી વિકાસ મંડળ (ઔડા)ના વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોના ઈ-લોકાર્પણ, ખાતમુર્હુત તથા આંગણવાડી કાર્યકરોને મોબાઇલ વિતરણ કાર્યક્રમ યોજાયો.

સદર કાર્યક્રમ દરમિયાન મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા પોષણ અભિયાન અંતર્ગત રાજ્ય કક્ષાએથી ખરીદવામાં આવેલા પપપ૨૩ સ્માર્ટફોનના વિતરણનો રાજયવ્યાપી શુભારંભ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે કરવામાં આવ્યો હતો. આ સ્માર્ટફોન અ.મ્યુ.કો. ના આઈ.સી.ડી.એસ. વિભાગના આંગણવાડી કાર્યકર, મુખ્યસેવિકા તથા ઘટક કક્ષાના સંબધિત કર્મચારીઓને વિતરણ કરવામાં આવ્યા હતા.

**સ્માર્ટફોનનો ઉપયોગ પોષણ ટ્રેકર તથા રાજ્ય સરકારના અન્ય ડિજિટલ મોડ્યુલોની અસરકારક અમલવારી માટે કરવામાં આવશે.**









આંગણવાડી કેન્દ્રોની દૈનિક કામગીરી કરવા અને પોષણ ટ્રેકરથી કામગીરી સરળ બનાવવા માટે મહિલા અને બાળવિકાસ મંત્રાલય, ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ ગુજરાત સરકાર દ્વારા પોષણ અભિયાન હેઠળ **અ.મ્યુ.કો. આઇ.સી.ડી.એસ. વિભાગના આંગણવાડી કાર્યકર માટે કુલ ૨૧૨૮ સ્માર્ટફોન, મુખ્યસેવિકા માટે કુલ ૮૫ સ્માર્ટફોન તથા ઘટક કક્ષાના સંબંધિત કર્મચારીઓ માટે ૧૭ સ્માર્ટફોનનું માન.મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિતરણ કરવામાં આવ્યું.**

માન. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આ સાથે જ રાજ્ય સરકારે સુપોષિત ગુજરાતના સંકલ્પને સાકાર કરવા આંગણવાડી સેવાઓને ડિજિટલ બનાવવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. "પોષણ ટ્રેકર" એપ્લિકેશન દ્વારા લાભાર્થીઓની માહિતી રિયલ ટાઈમમાં અપડેટ થશે, સેવાઓનું મોનિટરિંગ વધુ મજબૂત બનશે અને સગર્ભા માતાઓ તથા બાળકોના આરોગ્યનું સમયસર ફોલોઅપ શક્ય બનશે. આ માટે આજે આંગણવાડી કાર્યકર બહેનોને સ્માર્ટફોનનું વિતરણ પણ કરવામાં આવ્યું છે.

આ તબક્કે ઉપસ્થિત મહિલા અને બાળવિકાસ વિભાગનાં માન. મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા આંગણવાડી કાર્યકર બહેનોને ટેકનોલોજી સાથે જોડીને વધુ સશક્ત બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

માન. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે આંગણવાડી કેન્દ્રોમાં આવતાં બાળકોને આપવામાં આવતું ટેક હોમ રેશન (THR) યોગ્ય રીતે પહોંચે છે કે નહીં તેમજ ગર્ભવતી અને ધાત્રી માતાઓને આપવામાં આવતી સહાય અને કીટ અંગેની વિગતો પણ હવે સરળતાથી પ્રાપ્ત થઈ શકશે.

માન. મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે આંગણવાડી સુવિધાઓ વધુ મજબૂત બનાવવા માટે રૂ. ૩૬૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે, જેના કારણે નવા આંગણવાડી ભવન અને સુવિધાઓ વિકસાવવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ અસરકારક રીતે અમલમાં મુકાઈ રહી છે.

**આ પ્રસંગે સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી દિનેશભાઇ મકવાણા અને શ્રી નરહરિ અમીન, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ વહીવટદાર શ્રી મુકેશ કુમાર, મહિલા અને બાળવિકાસ વિભાગના સચિવ શ્રી રાકેશ શંકર, ઔડાના CEO શ્રી દેવાંગ દેસાઈ સહિત અગ્રણીઓ, આંગણવાડી કાર્યકરો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.**



# 03 આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ

આંગણવાડી કેંદ્ર મારફતે સમાજના અત્યંત સંવેદનશીલ સમૂહો જેવા કે સગર્ભા અને ધાત્રી માતાઓ, કિશોરીઓ અને બાળકોને પૂરક પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ જેવા અગત્યના લાભો આપવામાં આવે છે. આંગણવાડી કેંદ્ર દ્વારા આપવામાં આવતા આ લાભો લાભાર્થીઓ સુધી સરળતાથી પહોંચી શકે તે માટે આંગણવાડી કેંદ્રનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુદ્દઢ હોવુ જરૂરી છે.

આમ,આંગણવાડી ઇન્ફ્રાસ્ટ્રક્ચરના સુદ્દઢીકરણની દિશામાં એક મહત્ત્વપુર્ણ પગલાના ભાગરૂપે સરકારશ્રીના માર્ગદર્શન હેઠળ તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ થી રાજ્યના પોતાનાં મકાન ધરાવતાં આંગણવાડી કેંદ્રોમાં "આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ" ની કામગીરી હાથ ધરવામાં આવી  છે. આ ઝુંબેશનો મુખ્ય હેતુ, રાજ્યમાં કાર્યરત આંગણવાડી કેન્દ્રોને વધુ સ્વચ્છ, સુરક્ષિત અને બાળમૈત્રીપૂર્ણ બનાવવાનો છે.

**આ ઝુંબેશ અંતર્ગત આંગણવાડી કેંદ્રમાં જરૂરિયાત મુજબની નીચે મુજબની કામગીરી થનાર છે.**

- **આંગણવાડી કેંદ્રોની અંદર અને બહારની સ્વચ્છતા**
- **માળખાકીય સુવિધાઓનું સુદ્દઢીકરણ**
- **આંગણવાડી કેંદ્રોમાં રંગરોગાન**
- **નાનું-મોટું સમારકામ**




**હાલની સ્થિતિએ ૧૪,૦૦૦થી વધુ આંગણવાડી કેંદ્રોમાં નવીનીકરણ ઝુંબેશ અંતર્ગત કામગીરી પૂર્ણ કરવામાં આવેલી છે.**




**આંગણવાડી નવીનીકરણની ઝુંબેશ અર્થે રાજ્ય સરકાર દ્વારા આંગણવાડી કેંદ્રોને વાર્ષિક જાળવણી અને રિનોવેશન અર્થે ફાળવેલી ગ્રાંટનો વપરાશ કરવામાં આવી રહી છે. આ સિવાય જ્યાં શક્ય હોય ત્યાં હાલ ઉપલબ્ધ જિલ્લા/મનપાના ફંડ, લોકભાગીદારી અથવા CSR ફંડનો વપરાશ કરી આ કામગીરી કરવામાં આવી રહી છે.** આમ, ઉપરોક્ત ઝુંબેશથી આંગણવાડી કેંદ્રો પ્રત્યે સમાજમાં હકારાત્મક અભિગમ કેળવાય અને આંગણવાડી કેંદ્રના હયાત ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ સુદ્રઢ બનાવવાં, જેથી વધુમાં વધુ લાભાર્થીઓ આંગણવાડી કેંદ્ર સુધી આવવા પ્રેરિત થાય, તે દિશામાં એક અભુતપુર્વ પ્રયાસના ભાગરૂપે આ કામગીરી કરવામાં આવી રહી છે.

# ૦૪ આધારશિલા અભ્યાસક્રમ અંગે કાર્યશાળાનું આયોજન

આધારશિલા અભ્યાસક્રમ અને સાહિત્યની મંજૂરી માટે તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ સ્ટેટ ઈ.સી.સી.ઈ જનરલ કાઉન્સિલમાં માન.મંત્રીશ્રી (મ.બા.ક)ની અધ્યક્ષતામાં ૩-૬ વર્ષનાં આંગણવાડીમાં આવતાં બાળકોના પૂર્વ પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમ "આધારશિલા"ને આંગણવાડીમાં વર્ષ, ૨૦૨૬-૨૭માં અમલ કરવા માટે મંજૂરી આપવામાં આવી. તેમજ બાળકોના સર્વાંગી વિકાસના આકલન માટેના માપદંડ/ માઈલ સ્ટોન "મારી વિકાસયાત્રા" અને તમામ સાહિત્યને પણ મંજૂરી આપવામાં આવી.

મહિલા અને બાળવિકાસ મંત્રાલય, ભારત સરકારશ્રી દ્વારા માર્ચ, ૨૦૨૪માં "આધારશિલા" આંગણવાડીમાં પૂર્વપ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ તૈયાર કરી, તમામ રાજ્યોને મોકલવામાં આવ્યો હતો.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે, રાષ્ટ્રીય શિક્ષણનીતિ, ૨૦૨૦ હેઠળ આંગણવાડી પ્રણાલી દ્વારા બાળકોની સંભાળ અને શિક્ષણ (ECCE) પૂરી પાડવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. જે અન્વયે આંગણવાડી કેન્દ્રો પર આપવામાં આવતી પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણની ગુણવત્તાને વધુ સુદ્દઢ અને પ્રમાણિત કરવા માટે, મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા NIPCCDના સહયોગથી તૈયાર કરવામાં આવેલાં ૩-૬ વર્ષના બાળકો માટેનો રાષ્ટ્રીય ECCE અભ્યાસક્રમ "આધારશિલા" આપી આંગણવાડી કક્ષાએ તે મુજબની અમલવારી કરવા જણાવ્યું છે.

આ સંદર્ભે આઇ.સી.ડી.એસ., મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા આંગણવાડીના અભ્યાસક્રમનો નવી શિક્ષણ નીતિ, ૨૦૨૦ અને નેશનલ કરિક્યુલમાં ફ્રેમવર્ક ફોર ફાઉન્ડેશનલ સ્ટેજ, ૨૦૨૨, અને આધારશિલા, ૨૦૨૪ને અનુરૂપ વર્તમાનમાં ગુજરાતની આંગણવાડીમાં વર્ષ, ૨૦૧૬માં તૈયાર કરવામાં આવેલા અભ્યાસક્રમને રિવ્યુ કરીને સંદર્ભિત કરવા માટેની કામગીરી શરુ કરવામાં આવેલી.

રાષ્ટ્રીય ઈ.સી.સી.ઈ પોલીસી ૨૦૧૩ અને રાષ્ટ્રીય પ્રારંભિક શિક્ષણ અભ્યાસક્રમ ફ્રેમવર્ક, ૨૦૧૪ને ધ્યાને રાખી વર્ષ, ૨૦૧૬નો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો.



આ અભ્યાસક્રમને “આધારશિલા” મુજબ સંદર્ભિત અને સુસંગત કરવા માટે જી.સી.ઈ.આર.ટી, સમગ્ર શિક્ષા, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, યુનિસેફ અને અન્ય શૈક્ષણિક સંસ્થા અને એન.જી.ઓના તજ્જ્ઞોની ટીમ અને ઈ.સી.ઈ એક્ષપર્ટ તરીકે ડૉ. જિગીષા શાસ્ત્રી અને ડૉ. નમિતા ભટ્ટ દ્વારા ૭ કાર્યશાળાની શ્રેણી આયોજિત કરી “આધારશિલા” અનુરૂપ કરવા માટે રિવ્યુ અને મેપિંગ કરવામાં આવ્યાં હતાં.

**તજ્જ્ઞોની ટીમ અને ઈ.સી.ઈ એક્સપર્ટ દ્વારા હાલના અભ્યાસક્રમમાં નીચે મુજબ મુદ્દાઓ ધ્યાને લેવા ભલામણ કરી હતી:**

- ગુજરાતની આંગણવાડીમાં ૨૦૧૯ થી આંગણવાડીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ અમલમાં છે.
- આ અભ્યાસક્રમના અમલીકરણ માટે ત્રણ ફેઝમાં આંગણવાડી કાર્યકરને ૧૨ દિવસની સઘન તાલીમ, ભારત સરકાર, મહિલા અને બાળવિકાસ મંત્રાલયની ગાઈડલાઈન પ્રમાણે આપવામાં આવી છે.
- આંગણવાડી કાર્યકર અભ્યાસક્રમ પ્રમાણે ૪ કલાકના સમયપત્રક મુજબ પ્રવૃત્તિઓ કરાવી શકે તે માટે સતત ક્ષમતાવર્ધન કરવામાં આવ્યું છે.
- આમ આંગણવાડી કાર્યકરની ક્ષમતા અને હાલના પૂર્વ પ્રાથમિક શિક્ષણના અમલીકરણની સ્થિતિ ધ્યાને લેતાં, હાલના અભ્યાસક્રમની વિશેષતા જાળવી રાખતા અને આંગણવાડી કાર્યકરને તેમની રોજિંદી પ્રવૃત્તિઓમાં વધારે ફેરફાર ન કરવા પડે તે મુજબ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા જળવાઈ રહે, તે મુજબ ફેરફાર કરવા ભલામણ કરેલ છે.

**આમ ઉપરોક્ત ભલામણ ધ્યાને લેતાં, હાલના અભ્યાસક્રમમાં આધારશિલા મુજબ નીચે પ્રમાણે જરૂરી સુધારા કર્યા છે.**

- **દૈનિક સમયપત્રકમાં અંતે પુનરાવર્તન અને દ્રઢીકરણની પ્રવૃત્તિ મૂકવામાં આવી**
- **આધારશિલાની પસંદગીની પ્રવૃત્તિઓ દૈનિક પ્રવૃત્તિઓમાં સામેલ કરવામાં આવી**
- **મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલયના ૨૦૨૩ના દિવ્યાંગ પ્રોટોકોલ મુજબ પ્રવૃત્તિઓમાં જરૂરી ફેરફાર સાથે સામેલ કરવામાં આવી**
- **આધારશિલા અભ્યાસક્રમમાં હોમ લર્નિંગ માટે પ્રવૃત્તિઓ મૂકવામાં આવેલી છે, જે માટે અત્યારે ઉપયોગમાં લેવાતા ડિજીટલ કેલેન્ડરની પ્રવૃત્તિઓ સામેલ કરવામાં આવી.**
- **આધારશિલાના અભ્યાસક્રમ અનુસાર, ૪૮ અઠવાડિયાંના હાલનો અભ્યાસક્રમ ફરીથી મળેલાં સૂચનો અનુસાર સંકલિત કરવામાં આવેલ છે.**

માન.મંત્રીશ્રી(મ.બા.ક)ની અધ્યક્ષતામાં આધારશિલા અભ્યાસક્રમની ચર્ચા



- અભ્યાસક્રમ જે  અત્યારે ૨ અઠવાડિયાં આવકાર, ૩૨ અઠવાડિયાં સક્રિય શીખવું, ૬ અઠવાડિયાં પુનરાવર્તન, ૬ અઠવાડિયાં અવલોકન અને ૨ અઠવાડિયાં બાલવાટિકા માટેની પૂર્વતૈયારી આમ (૨+૩૨+૬+૬+૨ અઠવાડિયાં) ને પુનઃરચના કરતાં ૪ અઠવાડિયાં શરૂઆતનાં, ૩૬ અઠવાડિયાં સક્રિય શીખવું, ૮ અઠવાડિયાં દ્રઢીકરણની પ્રવૃત્તિ (૪+૩૬+૮) પ્રમાણે કરવામાં આવ્યો છે.
- આમ અભ્યાસક્રમના પુન:ગઠન આવકાર અને હું અને મારું કુટુંબ – ૪ અઠવાડિયાં + ૩૬ અઠવાડિયાં સક્રિય શીખવું (અવલોકન સાથે) + ૮ અઠવાડિયાં દ્રઢીકરણ (બાલવાટિકા માટેની પૂર્વ તૈયારી સાથે) પ્રમાણે કરવામાં આવ્યું છે.

**આમ ઉક્ત તૈયાર કરવામાં આવેલી આધારશિલા અનુસાર અભ્યાસક્રમ ભાગ -૧, અભ્યાસક્રમ ભાગ -૨ ની ત્રણ ભાગમાં પુન:રચિત પુસ્તકને તેમજ બાળકોના સર્વાંગી વિકાસના આકલન માટે તૈયાર કરવામાં આવેલી "મારી વિકાસ યાત્રા" ને  "સ્ટેટ ઈ.સી.સી.ઈ. કાઉન્સિલ" માં આંગણવાડીમાં તેના અમલીકરણની મંજૂરી માટે રજૂ કરવાનું થાય છે.**

**માન.મંત્રીશ્રી(મ.બા.ક)ની અધ્યક્ષતામાં આધારશિલા અભ્યાસક્રમની ચર્ચા**




સ્ટેટ કાઉન્સિલ બેઠક દરમ્યાન થયેલી ચર્ચાને અનુરૂપ આધારશિલા અભ્યાસક્રમ મુજબ "મારી વિકાસયાત્રા" માં કરવાના સુધારા અને હોમ લર્નિંગ પ્રવૃત્તિઓ માટે સૂચન કરવામાં આવ્યું હતું.

# આધારશિલા અભ્યાસક્રમ સુધારા અંગે કાર્યશાળા

માન.મંત્રીશ્રી (મ.બા.ક) દ્વારા સૂચવવામાં આવેલા ખાસ બાળકોના વિકાસ અંગે વાલી અવગત  થાય તે માટે કરવાના થતા ફેરફાર માટે આધારશિલા અભ્યાસક્રમ માટેની બે દિવસીય કાર્યશાળા તા-૨૪-૨૫ ફેબ્રુઆરીના રોજ GIDM ખાતે યોજવામાં આવી. આ કાર્યશાળામાં તમામ તજ્જ્ઞશ્રી, રિસોર્સ પર્સન હાજર રહી સર્વસંમતિ સાથે નીચે મુજબ કામગીરી કરવામાં આવી.

- **મારી વિકાસયાત્રાના માપદંડમાં સુધારા, વાલીને દર વર્ષના અંતે બાળકની શિસ્ત અને સ્વસ્થ આદત, બાળકને મળતા વાતાવરણ વિશેના અભિપ્રાય, બાળકની દુનિયા અંગેની પરિકલ્પના અને તેની મનપસંદ વગેરે વિગતનો ઉમેરો.**
- **બાળક જયારે આંગણવાડીમાં દાખલ થયું ત્યારે અને આંગણવાડીમાં અભ્યાસ કર્યા બાદ તેની શિસ્ત, આદત અને વ્યવહારમાં આવેલાં પરિવર્તન માટેની વિગતનો ઉમેરો.**
- **ઘરમાં કે આસપાસના વાતાવરણમાંથી મળતી વસ્તુઓના ઉપયોગથી વાલી બાળકને પ્રવૃત્તિ કરાવે તે માટે હોમ લર્નિંગ પુસ્તિકા તૈયાર કરવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું.**

આમ, આંગણવાડી અને વાલીની સહભાગિતા સાથે બાળકના સર્વાંગી વિકાસનો પાયો મજબૂત રીતે નંખાશે અને બાળક તેના ઉજ્જવળ ભવિષ્ય માટેની પૂર્વતૈયારી સાથે બાલવાટિકા પ્રવેશ મેળવશે.







# આધારશિલા અભ્યાસક્રમના અમલીકરણ માટે
# સ્ટેટ લેવલ માસ્ટર ટ્રેઈનર તાલીમ

મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રીની અધ્યક્ષતામાં તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ મળેલી સ્ટેટ ઈ.સી.સી.ઈ(ECCE) કાઉન્સિલની બેઠકમાં નવી શિક્ષણ નીતી મુજબ તૈયાર કરાયેલા "આધારશિલા" અભ્યાસક્રમ તેમજ બાળકોનાં વિકાસનાં માપદંડ "મારી વિકાસયાત્રા" ને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. સદર અભ્યાસક્રમને જૂન, ૨૦૨૬-૨૭ થી રાજ્યની તમામ આંગણવાડીમાં અમલ કરવામાં આવનાર છે.

"આધારશિલા" અભ્યાસક્રમના અસરકારક અમલીકરણ માટે તબક્કાવાર તાલીમ માળખું અમલમાં મૂકવામાં આવશે. રાજ્યકક્ષાએ પ્રથમ તબક્કામાં માસ્ટર ટ્રેઈનર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

**રાજ્યકક્ષાએ માસ્ટર ટ્રેઈનરની તાલીમ ઝોન પ્રમાણે ૪ બેચમાં GIDM, ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવી હતી.**

| Sr No. | Zone | Total Master Trainer | Date |
|---|---|---|---|
| 1 | Ahemedabad | 185 | 06/03/2026 |
| 2 | Vadodara | 133 | 07/03/2026 |
| 3 | Rajkot | 110 | 09/03/2026 |
| 4 | Rajkot | 099 | 10/03/2026 |

## ૧. તાલીમનો હેતુ:

- **"આધારશિલા"** અભ્યાસક્રમની સમજ અને અમલીકરણ પદ્ધતિ સ્પષ્ટ કરવી
- **"મારી વિકાસયાત્રા"** દ્વારા વિકાસ આકલન પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવું
- સમાવેશી શિક્ષણ અને વિશેષ જરૂરિયાત ધરાવતાં બાળકો માટેની વ્યવસ્થા અંગે સમજ આપવી
- ૪ કલાકના દૈનિક સમયપત્રક મુજબ પ્રવૃત્તિ આયોજન સમજાવવું
- જિલ્લા/તાલુકા સ્તરે તાલીમ આપવા સક્ષમ માસ્ટર ટ્રેઈનર તૈયાર કરવાં

## ૨. તાલીમમાં આવરી લેવાયેલા મુખ્ય મુદ્દા:

- આધારશિલા અભ્યાસક્રમની રૂપરેખા અને વિશેષતાઓ
- પંચકોષ આધારિત શિક્ષણ અભિગમ
- ઉમરવાર પ્રવૃત્તિ પુસ્તિકા અને એક્ટિવિટી બેંકનો ઉપયોગ
- હોમ લર્નિંગ પ્રવૃત્તિઓ અને વાલી સહભાગિતા
- "બાળ દિવસ" આયોજન માર્ગદર્શન
- વિકાસ માપદંડ અને દસ્તાવેજીકરણ પ્રક્રિયા
- જિલ્લામાં આંગણવાડી કાર્યકરને આપવાની તાલીમ અંગે આયોજન

## ૩. રાજ્યકક્ષાએ માસ્ટર ટ્રેઈનર તાલીમમાં ભાગ લેનાર:

- **CDPO પ્રતિનિધિ**
- **પસંદગી કરાયેલા સુપરવાઈઝર**
- **પસંદગી કરાયેલા પ્રિસ્કૂલઈન્સટ્રકટર**

1. ઉપરોક્ત દર્શાવેલા તાલીમના હેતુસર અને આવરી લેવાના વિષયોને ધ્યાને લેતાં, ૧ દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.
2. માર્ચ, ૨૦૨૬માં જિલ્લા દ્વારા પસંદ કરાયેલી વ્યક્તિઓને માસ્ટર ટ્રેઈનરની તાલીમ આપવામાં આવી.
3. દરેક જિલ્લામાંથી તેમના આંગણવાડી કાર્યકરની સંખ્યા ધ્યાને રાખી ૧૦% માસ્ટર ટ્રેઈનરને તાલીમ આપવામાં આવી છે. રાજ્યકક્ષાએ કુલ ૫૨૭ માસ્ટર ટ્રેઈનર તૈયાર કરવામાં આવ્યા છે.
4. જિલ્લામાં કરવાની તાલીમ માટે રાજ્યકક્ષાએથી તાલીમ અંગેનું સાહિત્ય અને પ્રેઝન્ટેશન અને ઓડિયો – વીડિયો ક્લિપ્સ પણ આપવામાં આવ્યાં છે.

## ૪. માસ્ટર ટ્રેઈનર દ્વારા આંગણવાડી કાર્યકરની તાલીમ:

- રાજ્યકક્ષાની તાલીમ બાદ પ્રોગ્રામ ઓફિસરશ્રી દ્વારા તેમના જિલ્લાના આંગણવાડી કાર્યકરને તાલીમ આપવા માટે તાલુકા/પ્રોજેક્ટ સ્તરે તબક્કાવાર તાલીમ આયોજન કરવામાં આવશે, જેથી તમામ આંગણવાડી કાર્યકરો સુધી અભ્યાસક્રમની સમજૂતી અને અમલીકરણ સુનિશ્ચિત થાય.
- આંગણવાડી કાર્યકરની ૧ દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવશે.
- માસ્ટર ટ્રેઈનર દ્વારા તેમના જિલ્લાના તમામ આંગણવાડી કાર્યકરની તાલીમ ૧૦ -૨૦ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે.
- આ તાલીમ જૂન, ૨૦૨૬ સુધીમાં તમામ જિલ્લામાં પૂર્ણ કરવાની રહેશે, જેથી જૂન, ૨૦૨૬થી અભ્યાસક્રમના અમલ માટે આંગણવાડી કાર્યકર તૈયાર હોય.

આમ જૂન, ૨૦૨૬માં રાજ્યની તમામ આંગણવાડીમાં "આધારશિલા" અભ્યાસક્રમના અમલની તૈયારી કરવામાં આવી છે.







# ૦૫ દિવ્યાંગ બાળકનો આંગણવાડીમાં સમાવેશન

પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ (ECCE) બાળકોના લાંબા ગાળાના વિકાસ, સુખાકારી, શિક્ષણ અને આરોગ્ય માટેનો પાયો નાખે છે. દરેક બાળકને પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણનો અધિકાર છે. સમુદાયનું એક પણ બાળક પાયાના શિક્ષણથી વંચિત ન રહે અને તમામ બાળકોને શીખવાની સમાન તક મળે તે માટે નેશનલ એજ્યુકેશન પોલિસી, ૨૦૨૦ માં સમાવેશી શિક્ષણ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

આવો જ એક સરાહનીય પ્રયાસ વલસાડ જિલ્લાના ઘટક-વલસાડ-3, સેજો-મગોદ, આંગણવાડી કેન્દ્ર-મગોદ ડુંગરી- ૪માં આંગણવાડી કાર્યકર ભારતીબેન ટંડેલ દ્વારા થયેલો છે. તેમના આંગણવાડી કેન્દ્રના સર્વે વિસ્તારના ડુંગલ સ્ટ્રીટમાં રહેતા એક બાળક, જેની હાલની ઉંમર ૪ વર્ષ ૨ માસ છે. આ બાળકને શારીરિક દિવ્યાંગતા હોવાને કારણે બાળક જાતે ચાલી શકતું ન હતું, હાથની આંગળીઓ યોગ્ય રીતે કાર્ય કરી શકતી ન હોવાથી બાળક જાતે ખાવાનું પણ ખાઈ શકતું ન હતું અને બોલતું પણ ન હતું. જેથી વાલી બાળકને પૂર્વપ્રાથમિક શિક્ષણ માટે આંગણવાડીમાં મોકલતાં ન હતા.

આંગણવાડી કાર્યકર અને પ્રિ-સ્કૂલ ઇન્સ્ટ્રક્ટર દ્વારા વાલી મુલાકાત કરી, બાળકની દિવ્યાંગતા વિશે જાણકારી મેળવી. બાળકને આંગણવાડી કેન્દ્રમાં મોકલવા માટે વાલીને આંગણવાડીમાં અપાતી સેવાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા. વાલીને બાળક માટે પૂર્વપ્રાથમિક શિક્ષણની જરૂરિયાત અને તેના મહત્ત્વ વિશે જાણકારી આપવામાં આવી.

બાળકને સૌ પ્રથમ આંગણવાડી પર લાવી RBSK ટીમ દ્વારા આરોગ્ય તપાસ કરાવવામાં આવી, ત્યારબાદ બાળકને આયુષ હોસ્પિટલ, વલસાડ ખાતે રીફર કરવામાં આવ્યું હતું.

બાળકે આંગણવાડીમાં આવવાની શરૂઆત કરી. આંગણવાડી કાર્યકરબહેન દ્વારા બાળક પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું. જેની ફલશ્રુતિરૂપે હવે બાળક દરરોજ એના દાદા સાથે નિયમિત આંગણવાડી પર આવે છે. અન્ય બાળકો સાથે દૈનિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. જાતે નાસ્તો પણ ખાતું અને બોલતું થયું છે. બાળકમાં આવેલું પરિવર્તન જોઈ વાલી પણ ખૂબ જ આનંદની લાગણી અનુભવે છે.

આ સફળ કામગીરી કરવા માટે કાર્યકર અને તેડાગરબહેનને પ્રિ-સ્કૂલ ઇન્સ્ટ્રક્ટર, મુખ્યસેવિકા અને સી.ડી.પી.ઓનો સાથ સહકાર મળ્યો છે.

બાળકની આરોગ્ય તપાસ



અન્ય બાળકો સાથે પરોવણીકામ કરતું બાળક



બાળકનું વિવિધ પ્રવૃત્તિમાં સમાવેશ




આંગણવાડી કાર્યકર દ્વારા વાલી સંપરામર્શન

# ૦૬ એક નવીન પહેલ: એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ-૨૦૨૬

ઈનોવેશન એટલે નવીન વિચારસરણી, નવીન પદ્ધતિ અને તેના ઉપયોગ દ્વારા સમસ્યા ઉકેલ. અત્યારના આધુનિક યુગમાં દરેક ક્ષેત્રે નવીનીકરણ જોવા મળે છે. એજ્યુકેશન ઈનોવેશન એટલે બાળકોને શિક્ષણ આપવા માટે નવીન પદ્ધતિઓના માધ્યમથી સમસ્યા ઉકેલ માટે શિક્ષણમાં સર્જનાત્મકતા.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અંતર્ગત પાયાના શિક્ષણ માટે શૈક્ષણિક પ્રક્રિયા ખૂબ સરળ અને રસપ્રદ બને, સાથે સાથે બાળકો માટે પણ ગમ્મત સાથે જ્ઞાન મળે, શીખવાની પ્રક્રિયા ઝડપી, સરળ બને અને તેનું દ્રઢીકરણ થાય તેના પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વિવિધ સંકલ્પના શીખવવા માટે નવીન વિચારસરણી, નવીન કાર્યપ્રણાલી એટલે ઈનોવેશન

શિક્ષણમાં સર્જનાત્મકતા અને તાર્કિક વિચારશક્તિની અગત્યતા સમજી તેનો પ્રચાર-પ્રસાર કરવો પણ ખૂબ જરૂરી છે, તે માટે ગુજરાત રાજ્યમાં દર વર્ષે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ/જી.સી.ઈ.આર.ટી દ્વારા રાજ્યના તમામ જિલ્લા, ઝોન અને રાજ્ય કક્ષાએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એમ ત્રિ-સ્તરીય શિક્ષકોએ કરેલા ઈનોવેશનના પ્રચાર-પ્રસાર માટે ઈનોવેશન ફેરનું આયોજન કરવામાં આવે છે.

**આંગણવાડી કાર્યકર દ્વારા ઈનોવેશન ફેરમાં નિદર્શિત કરેલા નવતર પ્રયોગ**







> **"શિક્ષણમાં પ્રયોગ એટલે સમજમાં વધારો અને સમજ એટલે બાળકના જીવનમાં ઉજવાતો ઉત્સવ"**

**ઈનોવેશન સ્ટોલની મુલાકાત લેતા મહાનુભાવ**





**ઈનોવેશન સ્ટોલની મુલાકાત લેતાં ભૂલકાં અને વાલી**





આ વર્ષે જી.સી.ઈ.આર.ટી દ્વારા આયોજિત કરેલો ૧૧મો એજ્યુકેશન ઈનોવેશન ફેર યોજવામાં આવ્યો. જેમાં શિક્ષણ કાર્યમાં કરેલાં નવતર પ્રયોગો રજૂ કરવા. રાજ્યમાં સૌ પ્રથમ વખત આંગણવાડી કાર્યકરને આ ફેરમાં ભાગ લેવાની તક આપવામાં આવી. આંગણવાડીમાં ૩ થી ૬ વર્ષનાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે આંગણવાડી કાર્યકર દ્વારા પૂર્વપ્રાથમિક શિક્ષણ અંતર્ગત નવીન પદ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે.

આંગણવાડી કાર્યકર દ્વારા અલગ અલગ થીમ અને સંકલ્પના આધારિત કૃતિ રજૂ કરવામાં આવી હતી, જેમાં મગજની એકાગ્રતા (Brain Boosting), હાથ અને આંખના સંકલન (Hand And Eye Co-ordination), નાના સ્નાયુઓના વિકાસ, પંચેન્દ્રિયના વિકાસ, સ્મૃતિશક્તિમાં વધારો, ભાષાકીય વિકાસ અને ગાણિતિક કૌશલ્ય અંગેની પ્રવૃત્તિઓ તેમજ વિવિધ પ્રકારના પઝલ/ કોયડા ઉકેલ જેવી કૃતિ રજૂ કરવામાં આવી. જેના દ્વારા બાળક કેવી રીતે શીખશે, તેનું ખૂબ સરસ નિદર્શન તજ્જ્ઞ સમક્ષ કરવામાં આવ્યું.

ચાલુ વર્ષ-૨૦૨૬માં ગુજરાત રાજ્યના મહિલા અને બાળવિકાસના સચિવશ્રી અને આઈ.સી.ડી. એસ કમિશનરશ્રીના માર્ગદર્શન અને સહયોગી જી.સી.ઈ.આર.ટી સાથે સંકલન કરી પૂર્વપ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પણ આંગણવાડી કાર્યકર દ્વારા પોતાનું ઈનોવેશન પ્રદર્શિત કરે તેવા સૂચનને અમલમાં મૂકી, જુદા જુદા જિલ્લા અને ઝોનમાં ઈનોવેશન ફેર યોજવામાં આવ્યા.

જેમાં ૯૯થી પણ વધુ આંગણવાડી કાર્યકરો દ્વારા જિલ્લા તેમજ ઝોન કક્ષાએ ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો. જે પૈકી અમદાવાદ ઝોનના સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા-૧ ઘટકના છાયાબેન રાવલ, વડોદરા ઝોનના પંચમહાલ જિલ્લાના ગોધરા-૨ ઘટકના પરમાર નયનાબેન અને વડોદરા કોર્પોરેશન જિલ્લાના ઘટક-૩ના તડવી રેણુકાબેન એમ ત્રણ આંગણવાડી કાર્યકરબહેનોની રાજ્યકક્ષાના ઈનોવેશન ફેરમાં ભાગ લેવા માટે પસંદગી થયેલી છે. આંગણવાડી કાર્યકરે શિક્ષણકાર્યમાં કરેલી નવીનતાને પ્રોત્સાહિત કરવા માટે ગુજરાત કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ દ્વારા શિલ્ડ અને પ્રમાણપત્ર આપી, પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

## પ્રોત્સાહક ઈનામ વિતરણ



# ૦૭ સ્ટેટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજના અંતર્ગત ઝોન વાઈઝ માસ્ટર ટ્રેનર્સ માટે ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ (ToTs) તાલીમ

રાજ્ય સરકાર દ્વારા એડોલેસન્ટ એમ્પાવરમેન્ટને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતની કુલ ૧૪,૬૩૮ ગ્રામ પંચાયતો પૈકી કુલ ૧૩,૮૭૩ બાલિકા પંચાયતની રચના કરવામાં આવી છે. બાલિકાઓના જન્મને પ્રોત્સાહન, પોષણ અને આરોગ્યમાં સુધારો, ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન તેમજ બાળલગ્ન નિવારણ અને સલામતી-સુરક્ષા જેવા હેતુઓને ધ્યાનમાં રાખીને મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા " બાલિકા પંચાયત માર્ગદર્શિકા ૨.૦" તૈયાર કરવામાં આવી છે.

UNICEFના સહયોગથી "બાલિકા પંચાયત તાલીમ મોડ્યુલ" તૈયાર કરવામાં આવ્યું છે. આ તાલીમ મોડ્યુલમાં કિશોરીઓમાં પોષણ અને એનિમિયા અંગે જાગૃતિ, જેન્ડર આધારિત ભેદભાવ, નેતૃત્વ અને પંચાયતી રાજ, બાળ અધિકારો, સલામતી અને સંરક્ષણ માટેના કાયદા તેમજ કિશોરાવસ્થામાં થતા શારીરિક અને માનસિક ફેરફારો જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ "બાલિકા પંચાયત તાલીમ મોડ્યુલ"નું વિમોચન તા. ૧૦/૧૨/૨૦૨૫ના રોજ મહિલા અને બાળ કલ્યાણ અને સમાજિ ન્યાય અધિકારિતા વિભાગનાં માન. મંત્રીશ્રી ડૉ.મનિષા વકીલના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

આ તાલીમ મોડ્યુલ પરત્વે જાન્યુઆરી-૨૦૨૬ માસ દરમિયાન ઝોનવાઇઝ દરેક જિલ્લા કક્ષાએ મહિલા અને બાળવિકાસ વિભાગ હેઠળ કાર્યરત મહિલા કલ્યાણ તેમજ આઇ.સી.ડી.એસ હેઠળ કાર્યરત કર્મચારીઓ પૈકી જિલ્લાદીઠ ૭ કર્મચારીઓ માટે માસ્ટર ટ્રેનર્સ માટેની ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ (ToT) કાર્યક્રમ યોજી કુલ ૨૪૦ તાલીમાર્થીઓને UNICEF, ગાંધીનગરના સહયોગથી તાલીમ આપવામાં આવી છે. જિલ્લા માસ્ટર ટ્રેનર્સ દ્વારા જિલ્લાકક્ષાએ જિલ્લા આઇ.સી.ડી.એસ યોજનામાં નિયત થયેલા સેજાદીઠ માસ્ટર ટ્રેનર્સ તૈયાર કરવામાં આવશે અને તેઓ દ્વારા બાલિકા પંચાયતની દીકરીઓને તાલીમ આપવામાં આપશે.






# ડિસ્ટ્રિક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજના અંતર્ગત બાલિકા પંચાયત જિલ્લા માસ્ટર ટ્રેનર્સ તાલીમ

સમગ્ર રાજ્યમાં રચાયેલી લગભગ ૧૪,૬૩૮ ગ્રામ પંચાયતો પૈકી કુલ ૧૩,૮૭૩ બાલિકા પંચાયતની રચના કરવામાં આવી છે. બાલિકા પંચાયતની અસરકારક અમલવારી સુનિશ્ચિત કરવા માટે બાલિકા પંચાયતના સભ્યોમાં ક્ષમતા વર્ધન થાય, તેમજ તેમની ભૂમિકા, કામગીરી અને જરૂરી જાણકારી અંગે વિસ્તૃત સમજ વિકસે, તે હેતુથી યુનિસેફના સહયોગથી બાલિકા પંચાયત માટે તાલીમ મૉડ્યુલ તૈયાર કરવામાં આવ્યું છે.

**આ મૉડ્યુલમાં નીચે મુજબના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.**

- **બાલિકા પંચાયતનો પરિચય, ઉદ્દેશ્ય અને માળખું**
- **સ્વ-ઓળખ**
- **જીવન કૌશલ્ય અને અસરકારક સંદેશા વ્યવહાર**
- **કિશોરાવસ્થા અને તેમાં થતા શારીરિક તથા માનસિક ફેરફારો**
- **જેન્ડર (સ્ત્રી-પુરુષ અસમાન) આધારિત ભેદભાવ**
- **જેન્ડર આધારિત અત્યાચાર તથા કિશોરીઓ પર થતા અત્યાચાર**
- **જન્મ સમયે નીચો દીકરો દીકરી જન્મ પ્રમાણ- કારણો અને નિવારણ**
- **બાલિકાઓ માટેના વ્યવસાય કૌશલ્યના સ્ત્રોત તથા આત્મનિર્ભરતા**

બાલિકા પંચાયતને વધુ સશક્ત બનાવવા માટે જિલ્લા સ્તરે મહિલા અને બાળ વિકાસવિભાગ હેઠળ કાર્યરત મહિલા કલ્યાણ તથા આઇ.સી.ડી.એસ.ના કર્મચારીઓમાંથી જિલ્લાદીઠ કુલ ૭ કર્મચારીઓને યુનિસેફ દ્વારા "ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ (ToT)" કાર્યક્રમ અંતર્ગત માસ્ટર ટ્રેનર્સ તરીકે તાલીમ આપવામાં આવી છે.

બાલિકા પંચાયતની દીકરીઓને આ તાલીમ મૉડ્યુલ આધારિત તાલીમ આપવામાં માટે જિલ્લાકક્ષાએ "માસ્ટર ટ્રેનર્સ" તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ, જિલ્લાકક્ષાના માસ્ટર ટ્રેનર્સને કિશોરીઓના સર્વાંગી વિકાસ, જીવન કૌશલ્ય, જેન્ડર સમાનતા અને કિશોરી સુરક્ષા સંબંધિત જરૂરી જ્ઞાન તથા કૌશલ્યથી સજ્જ કરવાનો હતો.

આ તાલીમ કાર્યક્રમના માધ્યમથી જિલ્લાકક્ષાએ વિવિધ વિભાગો જેમ કે, આઇ.સી.ડી.એસ., આરોગ્ય અને પરિવાર કલ્યાણ, શિક્ષણ તથા ગ્રામ વિકાસ એજન્સી હેઠળ ગ્રામ્ય સ્તરે કાર્યરત કુલ ૨,૨૦૬ માસ્ટર ટ્રેનર્સ તૈયાર કરવામાં આવ્યા છે. આ માસ્ટર ટ્રેનર્સ દ્વારા બાલિકા પંચાયતની દીકરીઓને તાલીમ આપવામાં આવશે.



# ૦૮ "બેટી બચાવો, બેટી પઢાવો" યોજના અંતર્ગત સુરક્ષિત "દીકરી વધામણા કીટથી ખીલી ઊઠી નવી આશા" – અરવલ્લી

સરકારશ્રીની' બેટી બચાવો, બેટી પઢાવો યોજના હેઠળ જિલ્લા મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા દીકરી જન્મને પ્રોત્સાહન આપવાના હેતુથી નવજાત જન્મેલી દીકરીઓને "દીકરી વધામણાં" કીટનું વિતરણ કરવા માટેનું અભિયાન ચલાવવામાં આવે છે, જેના ભાગરૂપે મહિલા અને બાળ-અધિકારીશ્રીની કચેરીના કર્મચારીઓ દ્વારા સરકારી હોસ્પિટલની મુલાકાત કરી નવજાત જન્મેલી દીકરીઓની માતાને " દીકરી-વધામણાં કીટ" આપવામાં આવે છે, અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાની સરકારી હોસ્પિટલમાં એક ગરીબ વર્ગની સગર્ભા માતાએ દીકરીને જન્મ આપ્યો. દીકરીને વધામણાં માંથી કપડાં પહેરાવી, બેબી મચ્છરદાની તથા ગોદડીમાં આરામથી સુવાડવામાં આવી અને માતાની ગોદમાં સોંપવામાં આવી, ત્યારે માતાની આંખોમાં આનંદનાં આંસુ આવી ગયાં. તેણે મહિલા અને બાળવિકાસ વિભાગના કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

કર્મચારીઓએ માત્ર કીટ આપીને પોતાની ફરજ પૂર્ણ કરી નહોતી, પરંતુ કીટમાં રહેલી દરેક વસ્તુનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો, તેની વિગતવાર સમજ પણ આપી તથા રાજ્ય સરકારની લોકહિતકારી " વહાલી દીકરી યોજના" વિશે માહિતી આપી અને જરૂરી માર્ગદર્શન આપ્યું, જેથી ભવિષ્યમાં દીકરીને શિક્ષણ અને વિકાસ માટે સહાય મળી શકે.

આ ઘટના દર્શાવે છે કે સરકારની કલ્યાણકારી યોજનાઓ અને સંવેદનશીલ કર્મચારીઓના પ્રયાસોથી ગરીબ પરિવારોના જીવનમાં આશાનો દીવો પ્રગટે છે. નવજાત દીકરીને મળેલી "દીકરી-વધામણાં કીટ" માત્ર સામગ્રી નથી, પરંતુ ગરીબ પરિવારમાં જન્મેલી દીકરી માટે સન્માન, સુરક્ષા અને નવા જીવનની આશાનું પ્રતિક છે.

**આ રીતે દરેક દીકરી સન્માન અને સુરક્ષા સાથે જીવનની શરૂઆત કરે, એ જ સાચા અર્થમાં સમાજના સર્વાંગી વિકાસની દિશા દર્શાવે છે.**



# "બેટી બચાવો બેટી પઢાવો" યોજના અંતર્ગત
# "શિક્ષણ તરફ પાછું પગલું" – અમદાવાદ

અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના પીરાણા ગામમાં રહેતી બે દીકરીઓ વર્ષ, ૨૦૧૮માં ધોરણ-૧૦ સફળતાપૂર્વક પાસ કર્યું હતું, પરંતુ તેમના ગામમાં આગળના અભ્યાસ માટે નજીકમાં ઉચ્ચતર માધ્યમિક શાળા ઉપલબ્ધ ન હોવાથી તેણે આગળનો અભ્યાસ ચાલુ રાખ્યો નહોતો. પરિણામે બંને દીકરીઓની શિક્ષણની સફર અચાનક અટકી ગયો હતો.

આ દરમિયાન DHEW District Hub for Empowerment of Women) ટીમના મિશન કોર્ડિનેટર અને ફાઈનાન્સિયલ લિટ્રેસી દ્વારા ફિલ્ડ વિઝિટ દરમિયાન પીરાણા ગામની મુલાકાત લેવામાં આવી. મુલાકાત દરમ્યાન ટીમે આ બંને દીકરીઓ અને તેમના વાલીઓ સાથે વાતચીત કરી અને તેમને શિક્ષણના મહત્ત્વ વિશે સમજાવ્યું. શરૂઆતમાં દીકરીઓ ફરીથી શાળામાં જવા માટે તૈયાર નહોતી. છતાં ટીમે સતત કાઉન્સેલિંગ અને પ્રેરણા આપી અને તેમની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને ઓપન સ્કૂલિંગ વિશે માહિતી આપી.

ટીમના માર્ગદર્શનથી અંતે બંને દીકરીઓએ ફરીથી અભ્યાસ શરૂ કરવાનો નિર્ણય લીધો. ત્યારબાદ એમ.પી. પંડ્યા હાઈસ્કૂલ જેતલપુર સ્થિત શાળામાં ઓપન સ્કૂલ દ્વારા આર્ટ્સ પ્રવાહમાં ધોરણ ૧૨ માટે ફોર્મ ભરવામાં આવ્યું.

આ પ્રયત્નો દ્વારા શિક્ષણથી વંચિત રહેલી આ દીકરીઓને ફરીથી શિક્ષણની મુખ્યધારા સાથે જોડવામાં સફળતા મળી.

આ ઘટના માત્ર બે દીકરીઓ માટે નહીં, પરંતુ સમગ્ર ગામ માટે પ્રેરણાદાયક બની છે.



# ૦૯ વન સ્ટોપ સેન્ટર સાફલ્ય ગાથા – જૂનાગઢ

વન સ્ટોપ સેન્ટર જૂનાગઢ ખાતે ૧૮૧ મહિલા હેલ્પલાઇન દ્વારા એક મહિલા આવી હતી. મહિલા સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે મહિલાનાં આશરે ૮ વર્ષ પહેલાં જ્ઞાતિના રીત રિવાજ મુજબ લગ્ન થયાં હતાં. તેમને સંતાનમાં એક દીકરી અને એક દીકરો હોય શરૂઆતમાં દાંપત્યજીવન સામાન્ય ચાલતું હતું. પરંતુ આશરે ૬ માસ પહેલાં મહિલાને ઇન્સ્ટાગ્રામ મારફતે એક યુવક સાથે પરિચય થયો. સમય જતાં બંને વચ્ચે વાતચીત વધતી ગઈ અને મહિલાને તે યુવક સાથે પ્રેમ થયો અને મહિલા પોતાનું ઘર છોડીને તે યુવક સાથે રહેવાનું શરૂ કર્યું. ત્યારબાદ મહિલાના પતિએ તેને છૂટાછેડા આપી દીધા. ત્યારબાદ મહિલા તે યુવક સાથે મૈત્રી કરાર કરીને રહેવા લાગી. પરંતુ થોડા સમય પછી મહિલાને પોતાનાં સંતાનોની ખૂબ યાદ આવવા લાગી અને તેને પોતાનાં બાળકો તથા પરિવારની ખોટ અનુભવવા લાગી આથી મહિલાએ તે બાબતે પોતાના પ્રેમી મિત્રને ઘરે પરત જવાની ઇચ્છા જણાવી,પરંતુ તે યુવક જવાની ના પાડતો હોવાથી મહિલાએ તેના પાડોશીના ફોનમાંથી પોતાના પૂર્વ પતિને ફોન કરીને જણાવ્યું કે તેને પોતાનાં સંતાનોની ખૂબ યાદ આવે છે અને તેઓ ફરીથી પરિવાર સાથે રહેવા માંગે તેથી પૂર્વપતિએ ૧૮૧ મહિલા હેલ્પલાઇન પર સંપર્ક કર્યો. ત્યાર બાદ ૧૮૧ ટીમ દ્વારા મહિલાને સેન્ટર પર આશ્રય માટે લાવવામાં આવ્યા.

## સેન્ટર દ્વારા લેવાયેલાં પગલાં

### તાત્કાલિક આશ્રય:

મહિલાની સુરક્ષાને ધ્યાને રાખીને વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય આપવામાં આવ્યો સેન્ટર દ્વારા બહેનના પિતાને ટેલિફોનિક જાણ કરી સેન્ટરમાં રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવ્યું.



### કાઉન્સેલિંગ:

સેન્ટર ખાતે મહિલાના પિતા અને પૂર્વ પતિ હાજર રહ્યા. તેમનું વિગતવાર કાઉન્સેલિંગ કરવામાં આવ્યું. કાઉન્સેલિંગ દરમિયાન મહિલા પોતાની ભૂલ સ્વીકારી અને ભવિષ્યમાં આવી ભૂલ ન કરવા માટે વિશ્વાસ આપ્યો. તેમણે જણાવ્યું કે તે ફરીથી પોતાના પૂર્વ પતિ સાથે લગ્ન કરીને પોતાના બાળકો સાથે સુખી દાંપત્ય જીવન જીવવા માંગે છે મહિલાની લાગણીઓને સમજતાં અને પરિવારના ભવિષ્યને ધ્યાનમાં રાખીને મહિલાના પિતાએ પણ બધી વાતો ભૂલીને પોતાની દીકરીનો રાજી ખુશીથી સ્વીકાર કર્યો અંતે મહિલાના પિતા તેમને સેન્ટર પરથી સાથે લઈને ગયા અને પરિવાર ફરીથી એક થવાની દિશામાં આગળ વધ્યો.

**આ રીતે યોગ્ય માર્ગદર્શન અને કાઉન્સેલિંગના પરિણામે એક તૂટેલા પરિવારને ફરીથી જોડવામાં સફળતા મળી અને બહેનને પોતાના પરિવાર સાથે નવી શરૂઆત કરવાની તક મળી.**

# વન સ્ટોપ સેન્ટર સાફલ્ય ગાથા – ગીર સોમનાથ

તારીખ ૨૧/૦૧/૨૦૨૬ના રોજ જન રક્ષક ૧૧૨ તથા સિટી પોલીસ સ્ટેશન દ્વારા એક અજાણી હિન્દી ભાષી મહિલાને રાત્રિના સમયે આશ્રય અને સહાય માટે વન સ્ટોપ સેન્ટર ખાતે લાવવામાં આવી હતી. મહિલા પાસેથી પ્રાથમિક માહિતી મેળવી, આશ્રય આપવામાં આવ્યો હતો.

## સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા કરાયેલ કામગીરી

વન સ્ટોપ સેન્ટર ખાતે મહિલાની તાત્કાલિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નીચે મુજબની સેવાઓ પૂરી પાડવામાં આવી :

- સુરક્ષિત અને આરામદાયક આશ્રય સુવિધા
- ભોજન અને કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોની વ્યવસ્થા
- મહિલાની સુરક્ષા અને સંભાળ સુનિશ્ચિત કરવામાં આવી
- મનોસામાજિક કાઉન્સેલિંગ દ્વારા મહિલાની લાગણીઓ સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો

> **"કાઉન્સેલિંગ દરમિયાન મહિલાને સુરક્ષા અને વિશ્વાસનો અનુભવ થયો, જેના કારણે તેમને માનસિક શાંતિ પ્રાપ્ત થઈ અને આત્મવિશ્વાસ પુનઃપ્રાપ્ત કરવામાં મદદ મળી."**




## પરિવાર સંબંધિત માહિતી

મહિલાનાં જણાવ્યા મુજબ તેમના પતિ આસામ રાજ્યના લખીમપુર જિલ્લામાં રેલવે સ્ટેશન ખાતે નોકરી કરે છે અને તેઓ ત્યાં રેલવે ક્વાર્ટરમાં રહે છે. જ્યારે તેમના પુત્ર, પુત્રવધૂ અને પૌત્ર-પૌત્રીઓ બિહાર રાજ્યમાં રહે છે અને લગભગ એક મહિના અગાઉ છઠ પૂજા અને સ્નાન માટે ઘરેથી નીકળ્યાં હતાં, પરંતુ મુસાફરી દરમિયાન તેમનો મોબાઇલ ફોન ચોરાઇ ગયો હતો. મોબાઇલમાં પરિવારજનોના સંપર્ક નંબર હોવાથી તેઓ પરિવાર સાથે સંપર્ક કરી શક્યા નહોતા.

મહિલા દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે બિહાર રાજ્યના મુઝફ્ફરપુર સ્થિત વન સ્ટોપ સેન્ટર સાથે સંપર્ક સાધી મદદ મેળવી અને તેમના પરિવાર સાથે સંપર્ક કરવામાં સફળતા મળી.

## પરિવાર સાથે સંપર્ક

સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા મહિલાના પુત્ર સાથે ટેલિફોનિક સંપર્ક કરી, તેમને તેમની માતા સુરક્ષિત અને સારા સ્વાસ્થ્યમાં હોવાની જાણ કરવામાં આવી. પુત્રએ પોતાની માતાની સુરક્ષિત માહિતી મળતાં આનંદ વ્યક્ત કર્યો. તેમણે વધુમાં જણાવ્યું કે મહિલા અગાઉ પણ ઘરેથી બહાર નીકળી ગઈ હતી અને તે સમયે પરિવારજનો તેમને રાજસ્થાનમાંથી ઘરે લાવ્યા હતા. છેલ્લા એક મહિના દરમિયાન પુત્ર દ્વારા આસામ અને બિહાર વિસ્તારમાં શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ તેમની માતા અંગે કોઈ માહિતી મળી નહોતી.

## પરિણામ

સખી વન સ્ટોપ સેન્ટરના પ્રયાસોથી લગભગ એક મહિનાથી પરિવારથી વિખૂટા પડેલી મહિલાને સુરક્ષિત રીતે તેમના પરિવાર સાથે પુનઃસ્થાપિત કરવામાં સફળતા પ્રાપ્ત થઈ.

# ૧૦ કાઉન્સેલિંગથી બચ્યું ૨૨ વર્ષનું લગ્નજીવન
## પોલિસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર સાફલ્યગાથા – મહેસાણા

મહેસાણા જિલ્લાના વતની સરોજબેન (નામ બદલેલું છે) છેલ્લાં ૨૨ વર્ષથી મહેશભાઈ સાથે લગ્નજીવનમાં જોડાયેલા હતા અને તેમને ૧૯ વર્ષની એક દીકરી છે. લગ્નજીવનના લાંબા સમય સુધી બંને સુખી રીતે સાથે રહેતા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી મહેશભાઈના અન્ય સ્ત્રી ગીતાબેન સાથેના લગ્નબહારના સંબંધોને કારણે પરિવારમાં અણબનાવ અને કંકાસ શરૂ થયો હતો. મહેશભાઈ દ્વારા સરોજબેનને આર્થિક સહાય બંધ કરી દેવામાં આવી હતી અને તેમને વારંવાર છૂટાછેડાની ધમકીઓ આપવામાં આવતી હતી. આ પરિસ્થિતિથી વ્યથિત થઈ, સરોજબેન મહિલા સહાયતા કેન્દ્રની મદદ લેવા માટે આવ્યાં હતાં.

મહિલા સહાયતા કેન્દ્ર દ્વારા સરોજબેનને ૧૮૧ અને ૧૧૨ હેલ્પલાઇન, 'સંકટસખી'એપ તેમજ મફત કાનૂની સહાય વિશે વિગતવાર માહિતી આપવામાં આવી. ત્યારબાદ મહેશભાઈને મહિલા સહાયતા કેન્દ્ર પર બોલાવી સમજાવટ અને કાઉન્સેલિંગ કરવામાં આવ્યું. શરૂઆતમાં મહેશભાઈએ ગીતાબેન સાથેનો સંબંધ માત્ર 'ટાઈમ પાસ' હોવાનું જણાવી, ભવિષ્યમાં સુધરવાની ખાતરી આપી હતી અને લેખિતમાં સમાધાન પણ કર્યું હતું.

પરંતુ બાદમાં સરોજબેનને જાણ થઈ કે મહેશભાઈએ ગીતાબેન સાથે લગ્ન કરી લીધાં છે, જેના કારણે પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. કાઉન્સેલિંગ દરમિયાન ગીતાબેન દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કરવામાં આવતાં મહિલા સહાયતા કેન્દ્ર દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તેમની સારવાર કરાવી માનવીય અભિગમ દાખવવામાં આવ્યો હતો.

ત્યારબાદ ગીતાબેન દ્વારા કરવામાં આવેલા કોર્ટ કેસ અને સામાજિક ગૂંચવણોની પરિસ્થિતિમાં મહિલા સહાયતા કેન્દ્ર સતત સરોજબેનના સંપર્કમાં રહ્યું અને તેમને માનસિક પીઠબળ પૂરું પાડ્યું. મહિલા સહાયતા કેન્દ્રના સતત કાઉન્સેલિંગ અને યોગ્ય માર્ગદર્શનના પરિણામે મહેશભાઈને પોતાની ભૂલનો અહેસાસ થયો અને તેમણે ગીતાબેન સાથે સામાજિક રીતે છૂટાછેડા લીધા. સમાધાનરૂપે ગીતાબેનને નક્કી થયેલી રકમ આપીને વિવાદનો કાયમી ઉકેલ લાવવામાં આવ્યો.

આ રીતે સરોજબેનનું ૨૨ વર્ષનું લગ્નજીવન તૂટતાં બચી ગયું. હાલમાં આ દંપતી શાંતિપૂર્ણ રીતે સાથે રહે છે, જેની પુષ્ટિ મહિલા સહાયતા કેન્દ્ર દ્વારા કરવામાં આવેલા ટેલિફોનિક ફોલોઅપ દરમિયાન થઈ છે.

પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર
મહિલા સહાયતા કેન્દ્ર


દિવ્ય ભાસ્કર મહેસાણા પુલઆઉટ 07-01-2026

ભાસ્કર વિશેષ મજાકથી શરૂ થયેલો સંબંધ, આંસુ અને આત્મહત્યાના તરકટ સુધી પહોંચ્યો

22 વર્ષના લગનજીવન પછી પતિના બહારના સંબંધોએ સુખી પરિવારને સંકટમાં મૂક્યો, કાઉન્સલિંગથી સમાધાન



# મહિલા સહાયતા કેન્દ્રના પ્રયાસોથી ત્રણ વર્ષ જૂનો પરિવારિક વિવાદ સુખદ સમાધાન કરાવતું મહિલા સહાયતા કેન્દ્ર - બનાસકાંઠા (દાંતા)

બોટાદ મહિલા સહાયતા કેન્દ્ર ખાતે મદદ માટે આવેલા, અરજદારના લગ્નને આશરે ૫ વર્ષ થયાં હતાં. ત્રણ વર્ષ પહેલાં પતિ સાથે રીક્ષામાં જતાં અકસ્માત થયો, જેમાં અરજદારને બંને પગ સહિત શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થઈ. પતિને ઓછી ઈજા હોવાથી તેમને થોડા દિવસોમાં રજા મળી ગઈ, પરંતુ સારવારના ખર્ચને લઈ પતિ અને સાસરી પક્ષે અરજદારને હોસ્પિટલમાં જ છોડી દીધાં. ત્યારબાદ પિયર પક્ષે આર્થિક મુશ્કેલીઓ હોવા છતાં, પોતાની દીકરીની સારવાર ખાનગી હોસ્પિટલમાં કરાવી. આ ઘટના બાદ અરજદાર છેલ્લાં ત્રણ વર્ષથી પિયરમાં રહેતાં હતાં, છતાં તેઓ સાસરીમાં જવા માંગતાં હતાં.

આ પરિસ્થિતિમાં અરજદારે મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો, જ્યાંથી મહિલા સહાયતા કેન્દ્ર (PBSC) દ્વારા કેસ હાથ ધરવામાં આવ્યો. મહિલા પોલીસ સ્ટેશનના સહયોગથી કાઉન્સેલર દ્વારા બંને પક્ષોને વારંવાર સમજાવટ, કાઉન્સેલિંગ અને કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું. સતત પ્રયાસો અને સંવેદનશીલ અભિગમના કારણે ત્રણ વર્ષથી અટવાયેલો પરિવારિક વિવાદ હકારાત્મક રીતે ઉકેલાયો.

મહિલા સહાયતા કેન્દ્રની સક્રિય કામગીરીના પરિણામે બંને પક્ષો વચ્ચે સુખદ સમાધાન થયું અને પરિણીતા પોતાના કુટુંબીજનોની હાજરીમાં રાજીખુશીથી સાસરે પરત ગયાં. ત્યારબાદના ફોલોઅપ દરમિયાન જાણવા મળ્યું કે હાલ તેમનું દામ્પત્ય જીવન સુચારુ રીતે ચાલી રહ્યું છે. બંને પક્ષો તથા ગામના આગેવાનો દ્વારા મહિલા પોલીસ સ્ટેશન અને પી.બી.એસ.સી મહિલા સહાયતા કેન્દ્રની ઉમદા કામગીરીને બિરદાવવામાં આવી અને આભાર વ્યક્ત કરવામાં આવ્યો.




પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર

મહિલા સહાયતા કેન્દ્ર


દિવ્ય ભાસ્કર

અમદાવાદ બોટાદ ભાસ્કર 14-02-2026

વૉકરના સથવારે ન્યાય માંગવા આવેલી પરિણીતાને PBSC સેન્ટર અને મહિલા પોલીસે સમજાવટથી સાસરે વળાવી

**બોટાદઃ અકસ્માતમાં પત્નીના પગ ભાંગતા તરછોડી દેનાર સાસરીયાઓનું મન પીગળ્યું, 3 વર્ષ બાદ દંપતીનું મિલન**

# ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન સાફલ્ય ગાથા

શહેરના એસ.ટી. બસ સ્ટેન્ડ પર મધ્યરાત્રિએ એક સગીર યુવક અને યુવતી શંકાસ્પદ હાલતમાં મળી આવતાં સતર્ક વ્યક્તિએ તુરંત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને જાણ કરી હતી. કાઉન્સેલર, મહિલા પોલીસ કોન્સ્ટેબલ અને પાયલોટ તુરંત સ્થળ પર પહોંચ્યાં હતાં. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, ૧૪ વર્ષીય સગીરા છેલ્લા છ મહિનાથી એક સગીર યુવકના પ્રેમમાં હતી. આ સંબંધની જાણ પરિવારને થતાં માતા—પિતાએ ઠપકો આપ્યો હતો, જેનાથી ડરીને બંને કિશોરો મધ્યરાત્રિએ પરિવારની જાણ બહાર ઘરેથી નીકળી ગયાં હતાં. અભયમ ટીમે સગીરાને માનસિક ટેકો આપી, કાઉન્સિલિંગ કર્યું હતું. તેમને કાયદાકીય જોગવાઈઓ અને ઉજ્જવળ ભવિષ્યનું મહત્ત્વ સમજાવતાં, સગીરાએ પોતાની ભૂલ સ્વીકારી ઘરે જવા સંમતિ દર્શાવી હતી. ત્યારબાદ પરિવારનો સંપર્ક કરી તેમને સ્થળ પર બોલાવવામાં આવ્યાં હતાં. પરિવારે પોતાની દીકરીને સહી-સલામત પરત મેળવતાં ૧૮૧ ટીમનો આભાર માન્યો હતો. આ કિસ્સો તમામ વાલીઓ માટે પોતાના સંતાનો પ્રત્યે વધુ સતર્ક અને સંવેદનશીલ રહેવા માટે ઉદાહરણ પૂરું પાડે છે.

થરાદ પંથકની એક મહિલા દારૂડિયા પતિના ત્રાસથી આપઘાત કરવા માટે નર્મદા કેનાલમાં પડવા નીકળી હતી. જોકે, અંતિમ સમયે ૧૮૧ ની મદદ માંગતાં ટીમે ૨૫ ફોન કરી તેની પાસે પહોંચી જીવ બચાવી લીધો હતો. તેના પતિને પણ કાયદાનો ડર બતાવતાં આખરે દંપતી વચ્ચે સમાધાન થયું હતુ. આ અંગે કાઉન્સિલરે જણાવ્યું હતુ કે, પરિણીતાનાં લગ્ન સાટા પદ્ધતિમાં થયા હતાં. જેને લગ્ન જીવન દરમિયાન બે દીકરીઓ અને એક દીકરો છે. જોકે, પતિને દારૂ પીવાની ટેવ હોવાથી અવાર-નવાર મારઝુડ કરતો હતો. જે ત્રાસથી તે રાત્રીના સમયે ઘરેથી નીકળી ગઈ હતી અને નર્મદા કેનાલમાં પડી આપઘાત કરવાનો નિર્ણય કર્યો હતો. અંતિમ સમયે થરાદ ૧૮૧ અભયમમાં કોલ કર્યો હતો. ૨૫ જેટલા ફોન કરતાં આખરે મહિલા નજીક પસાર થતી કોઈ વ્યકિતએ ફોન રિસિવ કરી લોકેશન બતાવ્યું હતું. આથી અડધો કલાકના સમયમાં તેણીની પાસે પહોંચી ગયા હતા અને કેનાલમાં પડતી બચાવી હતી. અભયમ ટીમે માત્ર મહિલાને જ નહીં પણ તેના પતિને પણ કાયદાનો ડર બતાવી, પ્રેમથી સમજાવ્યો હતો. પત્ની અને બાળકોની હાલત જોઈને તેણે ટીમ સમક્ષ બાંહેધરી આપી હતી કે તે હવે કોઈ પણ પ્રકારનું વ્યસન નહીં કરે અને પરિવારને સારી રીતે રાખશે. મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર અને નારી સંરક્ષણ ગૃહ વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.



માતા-પિતાના ઠપકાથી નારાજ થઈ પ્રેમી સાથે નીકળેલી 14 વર્ષીય કિશોરીનું કાઉન્સિલિંગ

## મધ્યરાત્રિએ ઘરેથી નીકળેલી દીકરીનું 181ની ટીમે પિતા સાથે મિલન કરાવ્યું

ભાસ્કર ન્યૂઝ | જૂનાગઢ

શહેરના એસ.ટી. બસ સ્ટેન્ડ પર મધ્યરાત્રિએ એક સગીર યુવક અને યુવતી શંકાસ્પદ હાલતમાં મળી આવતા સતર્ક અધિકારીએ તુરંત 181 અભયમ મહિલા હેલ્પલાઈનને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા સમજી કાઉન્સેલર અરુણા કોલડિયા, મહિલા પોલીસ કોન્સ્ટેબલ ઉજાલાબેન અને પાયલોટ અલ્પેશભાઈ તુરંત સ્થળ પર પહોંચ્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, 14 વર્ષીય સગીરા છેલ્લા છ મહિનાથી એક સગીર યુવકના પ્રેમમાં હતી. આ સંબંધની જાણ પરિવારને થતાં માતા-પિતાએ ઠપકો આપ્યો હતો, જેનાથી ડરીને બંને કિશોરો મધ્યરાત્રિએ પરિવારની જાણ બહાર ઘરેથી નીકળી ગયા હતા. અભયમ ટીમે સગીરાને માનસિક ટેકો આપી ધીરજપૂર્વક કાઉન્સિલિંગ કર્યું હતું. તેમને કાયદાકીય જોગવાઈઓ અને ઉજ્જવળ ભવિષ્યનું મહત્વ સમજાવતા સગીરાએ પોતાની ભૂલ સ્વીકારી ઘરે જવા સંમતિ દર્શાવી હતી.

ત્યારબાદ પરિવારનો સંપર્ક કરી તેમને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. પરિવારે પોતાની દીકરીને સહી-સલામત પરત મેળવતા 181 ટીમનો આભાર માન્યો હતો. આ કિસ્સો તમામ વાલીઓ માટે પોતાના સંતાનો પ્રત્યે વધુ સતર્ક અને સંવેદનશીલ રહેવા માટે ઉદાહરણ પૂરું પાડે છે



## પતિથી ત્રાસેલી પરિણીતા નર્મદા કેનાલમાં મોતની છલાંગ લગાવે તે પહેલા જ 181ની ટીમે બચાવી

પતિ દારૂ પીને માથાકુટ કરતો હતો આખરે કાયદાનો ડર બતાવતાં દંપતી વચ્ચે સમાધાન થયું

ભાસ્કર ન્યૂઝ | પાલનપુર, થરાદ

થરાદ પંથકની એક મહિલાએ દારૂડિયા પતિના ત્રાસથી આપઘાત કરવા માટે નર્મદા કેનાલમાં પડવા નીકળી હતી. જોકે, અંતિમ સમયે 181ની મદદ માંગતા ટીમે 25 ફોન કરી તેની પાસે પહોંચી જીવ બચાવી લીધો હતો. તેના પતિને પણ કાયદાનો ડર બતાવતાં આખરે દંપતી વચ્ચે સમાધાન થયું હતુ.

થરાદ પંથકની પરિણીતાનો સંસારરૂપી માળો વિખેરાતો 181ની ટીમે બચાવી લીધો હતો. આ અંગે કાઉન્સિલરે જણાવ્યું હતુ કે, પરિણીતાના લગ્ન સાટા પધ્ધતિમાં થયા હતા. જેને લગ્ન જીવન દરમિયાન બે દીકરીઓ અને એક દીકરો છે. જોકે, પતિને દારૂ પીવાની ટેવ હોવાથી અવાર-નવાર મારઝુડ કરતો હતો. અસહ્ય ત્રાસથી વાઝ આવી જતાં તેણી રાત્રિના સુમારે ઘરેથી નીકળી ગઈ હતી. અને નર્મદા કેનાલમાં પડી આપઘાત કરવાનો નિર્ણય કર્યો હતો. જોકે, અંતિમ સમયે થરાદ 181 અભયમમાં કોલ કર્યો હતો. જોકે, તે પછી પરિણીતાએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધુ હતુ. 181માંથી 25 જેટલા ફોન કરતાં આખરે મહિલા નજીક પસાર થતાં કોઈ વ્યકિતએ ફોન રિસિવ કરી લોકેશન બતાવ્યું હતુ. આથી અડધો કલાકના સમયમાં તેણીની પાસે પહોંચી ગયા હતા અને કેનાલમાં પડતી બચાવી હતી. અભયમ ટીમે માત્ર મહિલાને જ નહીં પણ તેના નશાખોર પતિને પણ કાયદાનો ડર બતાવી પ્રેમથી સમજાવ્યો હતો. પત્ની અને બાળકોની હાલત જોઈને તેણે ટીમ સમક્ષ બાહેધરી આપી હતી કે તે હવે કોઈ પણ પ્રકારનું વ્યસન નહીં કરે અને પરિવારને સારી રીતે રાખશે. મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર અને નારી સંરક્ષણ ગૃહ વિશે પણ માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતુ.

# ૧૨ સંઘર્ષમાંથી નવી શરૂઆત તરફ પ્રેરણા આપતું નારી સંરક્ષણ ગૃહ – વડોદરા

તા. ૧૧-૧૨-૨૦૨૫ના રોજ પ્રિયાબેન આનંદભાઈ ગિરિને (નામ બદલેલું છે) માનસિક આરોગ્ય હોસ્પિટલ, કારેલીબાગ, વડોદરા મારફતે નારી સંરક્ષણ ગૃહ, વડોદરા ખાતે આશ્રય માટે મૂકવામાં આવ્યાં હતાં. પારિવારિક મતભેદો અને જીવનમાં આવેલા મુશ્કેલ પ્રસંગોને કારણે તેઓ માનસિક રીતે ખૂબ જ તણાવમાં હતાં.



પ્રિયાબેને ધોરણ ૧૨ પાસ કર્યા બાદ એક વર્ષનો હોટેલ મેનેજમેન્ટનો અભ્યાસ પણ કર્યો હતો. તેમ છતાં, કિશોરાવસ્થામાં બનેલી કેટલીક દુખદ ઘટનાઓ અને સંબંધોમાં થયેલા વિખવાદને કારણે તેમના જીવનમાં અનેક પડકારો ઊભાં થયાં. પરિવારનો પૂરતો સાથ ન મળતાં તેઓ એકલતા અને અનુકૂળ ન હોવા જેવી પરિસ્થિતિઓમાં ફસાયા. પરિણામે તેઓ દારૂ અને ડ્રગ્સના વ્યસનમાં સપડાયા તેમજ બાયપોલર ડિસઓર્ડર જેવી માનસિક સમસ્યાથી પણ પીડાતાં હતાં.

આવી પરિસ્થિતિમાં તેઓ કુંવારી માતા બન્યાં અને પોતાની નાની બાળકી સાથે સંસ્થામાં આશ્રય માટે આવ્યા. સંસ્થાના સ્ટાફ દ્વારા તેમને સતત કાઉન્સેલિંગ, માર્ગદર્શન અને માનસિક સહારો આપવામાં આવ્યો. તેમને વ્યસનના શારીરિક, માનસિક અને સામાજિક નુકસાન વિશે સમજાવવામાં આવ્યું અને જીવનમાં નવી શરૂઆત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.

આ સતત સહાય અને માર્ગદર્શનના પરિણામે બેનમાં ધીમે ધીમે સકારાત્મક પરિવર્તન જોવા મળ્યું. તેમણે વ્યસનમુક્ત જીવન જીવવાનો સંકલ્પ કર્યો અને પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે મહેનત કરવાની ઈચ્છા વ્યક્ત કરી.

પોતાના જીવનને નવી દિશા આપવા અને કારકિર્દી બનાવવાના હેતુથી બેને એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો. તેમણે ફેબ્રુઆરી, ૨૦૨૬ માં પોતાની બાળકીને તાત્કાલિક સંભાળ માટે શિશુગૃહમાં સોંપી, જેથી તેઓ પોતાનું પુનર્વસન અને ભવિષ્ય નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે.

આજે પ્રિયાબેન નવી આશા, આત્મવિશ્વાસ અને સંકલ્પ સાથે જીવનમાં આગળ વધવા માટે તૈયાર છે. તેમની આ પ્રેરણાદાયી સફર એ દર્શાવે છે કે યોગ્ય માર્ગદર્શન, સંસ્થા તરફથી મળતો સહારો અને વ્યક્તિગત સંકલ્પ દ્વારા કોઈપણ વ્યક્તિ પોતાના જીવનને નવી દિશા આપી શકે છે.

# ૧૩ પોષણ ઉડાન : કિશોરીઓ દ્વારા પતંગોત્સવ ઉજવણી

વિશ્વમાં હાલમાં અંદાજે 1.3 અબજ કિશોર-કિશોરીઓ છે, જે વિશ્વની કુલ વસ્તીના આશરે 16 ટકા જેટલા છે. 10 થી 19 વર્ષની વયજૂથને કિશોરાવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં વિશ્વમાં સૌથી વધુ, અંદાજે 253 મિલિયન કિશોર-કિશોરીઓ વસે છે, જેમાં દરેક પાંચમાંથી એક વ્યક્તિ 10 થી 19 વર્ષની વયજૂથમાં આવે છે.

કિશોરાવસ્થા એ બાળપણથી પ્રૌઢાવસ્થાની વચ્ચેનો સંક્રમણ કાળ છે, જેમાં દૈહિક, માનસિક અને સામાજિક વિકાસ ઝડપથી થાય છે.

> **"ભવિષ્યની પેઢીના આરોગ્ય માટે પૂર્ણા યોજનાને જનઆંદોલન બનાવવાની જરૂર છે." – ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ જૂલાઈ 2018માં યોજનાના પ્રારંભ પ્રસંગે જણાવ્યું હતું.**

આ સમયગાળામાં કિશોરીઓને કુપોષણ, એનીમિયા, આરોગ્ય સેવાઓનો મર્યાદિત લાભ (ખાસ કરીને પ્રજનન અને યૌન આરોગ્ય), લિંગ અસમાનતા અને વહેલી વયે લગ્ન જેવા અનેક પડકારોનો સામનો કરવો પડે છે. કિશોરાવસ્થામાં વૃદ્ધિમાં ખામી અને સૂક્ષ્મ પોષક તત્ત્વોની અછત ભવિષ્યમાં દીર્ઘકાલીન રોગોનું જોખમ વધારી શકે છે. તેથી કિશોરીઓના આરોગ્ય અને પોષણ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી પેઢીથી પેઢી ચાલતા કુપોષણના ચક્રને તોડવામાં મદદરૂપ બની શકે છે.

પૂર્ણા (PURNA) નો પૂર્ણ અર્થ છે –
**Prevention of Under Nutrition and Reduction of Nutritional Anaemia.**

આ યોજના મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં અમલમાં મૂકવામાં આવી છે. ICDS હેઠળ રાજ્યની તમામ આંગણવાડી કેન્દ્રો મારફતે 15 થી 18 વર્ષની કિશોરીઓને પોષણ તથા બિનપોષણ સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

## પૂર્ણા યોજનાની સેવાઓ

### પોષણ સેવાઓ

- **પૂરક પોષણ (Take Home Ration – "પૂર્ણા શક્તિ")**
- **પોષણ જાગૃતિ પ્રવૃત્તિઓ**
- **દર મહિને ચોથા મંગળવારે "પૂર્ણા દિવસ" ની ઉજવણી**

### બિનપોષણ સેવાઓ

- **પોષણ સ્થિતિનું મૂલ્યાંકન**
- **IFA ગોળીઓનું વિતરણ**
- **TT ઈન્જેક્શન**
- **આરોગ્ય ચકાસણી**
- **પરામર્શ (ARSH, IYCN)**
- **જીવન કૌશલ્ય શિક્ષણ**
- **શાળા પુનઃપ્રવેશ પ્રોત્સાહન**
- **ITI સાથે જોડાણ**

# પોષણ ઉડાન – પતંગોત્સવ કાર્યક્રમ

ગુજરાતમાં 14 જાન્યુઆરીએ ઉત્તરાયણ ઉત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવાય છે. આ અવસરે મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા દર વર્ષે જાન્યુઆરી મહિનામાં "પોષણ ઉડાન" કાર્યક્રમ અંતર્ગત પતંગોત્સવ યોજી પોષણ જાગૃતિ ફેલાવવામાં આવે છે.




આ કાર્યક્રમ જિલ્લા, પ્રોજેક્ટ અને આંગણવાડી સ્તરે આયોજિત કરવામાં આવ્યો હતો. સમાજના આગેવાનો, સ્થાનિક શાળાઓ, એનજીઓ તથા સમુદાયની સક્રિય ભાગીદારી સાથે વિવિધ થીમ આધારિત પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.

## આયોજિત પ્રવૃત્તિ

- પતંગ બનાવવાની સ્પર્ધા, પોષણ-સ્વાસ્થ્ય સૂત્રલેખન
- ક્વિઝ સ્પર્ધા, રમતગમત પ્રવૃત્તિઓ
- પ્રદર્શન સ્ટોલ

  ૧. પૌષ્ટિક વાનગીઓ, THR, શ્રી અન્ન (મિલેટ્સ)-વાનગીઓ

  ૨. આરોગ્ય સેવાઓ- હિમોગ્લોબિન ચકાસણી, IFA ગોળીનું વિતરણ, BMI ગણતરી (વજન અને ઊંચાઈનું માપન) અને પોષણ પરામર્શ

  3. અન્ય સ્ટોલ-181 મહિલા હેલ્પલાઈન

## કાર્યક્રમનું પરિણામ

- કિશોરીઓમાં પોષણ અને સ્વાસ્થ્ય અંગે જાગૃતિમાં વધારો
- સમાનતા અને આત્મવિશ્વાસની ભાવનાનો વિકાસ
- કુપોષણ મુક્ત સમાજ તરફ જનજાગૃતિ
- 2.4 લાખથી વધુ કિશોરીઓ અને 80,000થી વધુ સખી-સહસખી દ્વારા સક્રિય ભાગીદારી

**રાજ્યભરમાં કુલ**
**સખી-સહસખી: 83,724 અને કિશોરીઓ: 2,49,628**
**ઉત્સાહભેર ભાગ લીધો હતો.**

પતંગોત્સવ કાર્યક્રમ



# ૧૪ "એહસાસ – ન્યાય કા સબ કે લિયે" - જાતિ સંવેદનશીલતા અભિયાન

Gender Resource Centre (GRC), મહિલા અને બાળવિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા Gujarat State Legal Services Authority (GSLSA) અને ગુજરાત હાઈકોર્ટના સહયોગથી "એહસાસ – ન્યાય કે માટે" પહેલ અમલમાં મૂકવામાં આવી છે.

આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ન્યાયિક સંસ્થાઓમાં જાતિ સમાનતા, માનવ ગૌરવ અને સંવેદનશીલ વર્તનને પ્રોત્સાહન આપવાનો છે. ન્યાયિક તંત્ર માત્ર ન્યાય આપનાર સંસ્થા નથી, પરંતુ તે સમાજ માટે આદર્શ વર્તનનું પ્રતિબિંબ પણ છે. તેથી, ન્યાયિક અધિકારીઓ અને સ્ટાફમાં જાતિ સંવેદનશીલતા અને કાર્યસ્થળ પર ગૌરવપૂર્ણ વર્તન અત્યંત જરૂરી છે.

ભારતમાં કાર્યસ્થળ પર જાતિ આધારિત ભેદભાવ, હેરેસમેન્ટ અને અસંવેદનશીલ વર્તન હજુ પણ પડકારરૂપ છે. ન્યાયિક સંસ્થાઓમાં આવું વર્તન ઘટાડવા અને એક સુરક્ષિત તથા સમાવેશક વાતાવરણ સર્જવા માટે સઘન તાલીમ અને જાગૃતિ અભિયાનની જરૂર છે.

POSH Act, 2013 (Prevention of Sexual Harassment at Workplace Act) ના અસરકારક અમલીકરણ માટે ન્યાયિક અધિકારીઓ અને કર્મચારીઓમાં જાગૃતિ વધારવી જરૂરી છે.





## કાર્યક્રમના મુખ્ય ઉદ્દેશો (Objectives)

- ન્યાયિક સંસ્થાઓમાં જાતિ સમાનતા અને ગૌરવપૂર્ણ વર્તનને પ્રોત્સાહન આપવું
- કાર્યસ્થળ પર સુરક્ષા, અધિકારો અને જવાબદારીઓ અંગે જાગૃતિ વધારવી
- POSH Act, 2013 અંગે વ્યાપક સમજણ વિકસાવવી
- ન્યાયિક અધિકારીઓ અને સ્ટાફમાં સંવેદનશીલતા વધારવી
- સમગ્ર ન્યાયિક તંત્રમાં જાતિ સંવેદનશીલ પ્રથાઓને સંસ્થાગત બનાવવી

## કાર્યક્રમની વિશેષતાઓ (Key Features)

- એક વર્ષીય રાજ્યવ્યાપી અભિયાન
- GRC, GSLSA અને ગુજરાત હાઈકોર્ટના સહયોગથી અમલીકરણ
- ન્યાયિક અધિકારીઓ, કોર્ટ સ્ટાફ અને સંલગ્ન કર્મચારીઓ માટે તાલીમ
- ઈન્ટરએક્ટિવ સત્રો, કેસ સ્ટડી, રોલ પ્લે અને ચર્ચા આધારિત શિક્ષણ
- POSH Act પર વિશેષ ધ્યાન
- ગૌરવપૂર્ણ અને સમાવેશક કાર્યસ્થળ નિર્માણ પર ફોકસ

## અત્યાર સુધીની સિદ્ધિઓ (Progress So Far)

- કુલ 70 બેચિસ સફળતાપૂર્વક પૂર્ણ
- કુલ 3270 ભાગીદારોને તાલીમ આપવામાં આવી
- ન્યાયિક અધિકારીઓ અને સ્ટાફમાં સકારાત્મક પ્રતિસાદ પ્રાપ્ત
- કાર્યસ્થળ પર સંવેદનશીલતા અને સમજણમાં વધારો નોંધાયો






“એહસાસ – ન્યાય કા સબ કે લિયે” માત્ર તાલીમ કાર્યક્રમ નથી, પરંતુ ન્યાયિક તંત્રમાં સંસ્કૃતિ પરિવર્તન લાવવાનો એક મહત્ત્વપૂર્ણ પ્રયાસ છે. આ અભિયાન દ્વારા જાતિ સમાનતા અને ગૌરવપૂર્ણ વર્તનને પ્રોત્સાહન આપી, ન્યાયિક સંસ્થાઓને વધુ માનવીય અને સમાવેશક બનાવવાનો માર્ગ મોકળો થશે.


## જેન્ડર બજેટ, ૨૦૨૬-૨૭

ગુજરાત સરકાર દ્વારા વર્ષ, ૨૦૧૪-૧૫થી જેન્ડર બજેટ પ્રકાશિત કરવામાં આવે છે. વર્ષ, ૨૦૨૬-૨૭ માટેના જેન્ડર બજેટમાં કુલ ૧,૬૨,૯૭૮.૦૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

કેટેગરી એ (૧00% મહિલા સ્પેસિફિક કાર્યક્રમો) માં ૧૫૧ કાર્યક્રમોનો સમાવેશ થાય છે, જેની કુલ બજેટ અંદાજિત રકમ ૧૧,૫૨૩.૪૮ કરોડ રૂપિયા છે.

કેટેગરી બી (ઓછામાં ઓછા 30% મહિલા લૉરિએન્ટેડ કાર્યક્રમો) માં ૭૦૦ કાર્યક્રમોનો સમાવેશ થાય છે, જેની કુલ બજેટ અંદાજિત રકમ ૧,૫૧,૪૫૪.૫૯ કરોડ રૂપિયા છે.

આમ, વર્ષ, ૨૦૨૬-૨૭ માટેના જેન્ડર બજેટમાં કુલ ૮૫૧ કાર્યક્રમોનો સમાવેશ થાય છે, જે શિક્ષણ, આરોગ્ય અને પોષણ, આર્થિક સશક્તિકરણ, સુરક્ષા, માળખાકીય સુવિધાઓ અને સામાજિક કલ્યાણ જેવા ક્ષેત્રોમાં મહિલાઓના સશકતીકરણ પર કેન્દ્રિત છે.



# SETU કાર્યક્રમ

SETU (Sustaining Equality Through Universities) કાર્યક્રમનો મુખ્ય હેતુ યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં જાતિ સમાનતા પ્રોત્સાહિત કરવો છે. આ કાર્યક્રમ દ્વારા જાતિ સંવેદનશીલ વિકાસ, મહિલા સશક્તીકરણ અને જાતિ આધારિત હિંસા અંગે જાગૃતિ ફેલાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને સ્ટાફ માટે વર્કશોપ, તાલીમ અને જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. કાર્યક્રમનો ઉદ્દેશ સુરક્ષિત, સમાન અને માનસભર શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવાનું છે. SETU કાર્યક્રમ દ્વારા યુવાનોમાં જાતિ સમાનતા અને સંવેદનશીલતા અંગે સકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવવામાં આવે છે.

| Universities | No. of Programmes with Students | No. of Students Participants | No. of Programme with Faculty and Staff | No. of Faculty and Staff Participants | Total No. of Programme | Total No. of Participants |
|---|---|---|---|---|---|---|
| Higher Educational Universities (14) | 28 | 3048 | 28 | 2208 | 56 | 5256 |
| Agriculture Universities (04) | 8 | 1206 | 8 | 837 | 16 | 2043 |
| National and Private Universities (07) | 16 | 2282 | 8 | 1485 | 24 | 3767 |
| **Total** | **52** | **6536** | **44** | **4530** | **96** | **11066** |









# ૧૫ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગર પ્રદર્શન સહ વેચાણ મેળા યોજના

મહિલા કારીગરોને તેમની સ્વઉત્પાદિત વસ્તુઓના વેચાણ માટે સીધી બજારની સુવિધા આપવા પ્રદર્શન સહ વેચાણ મેળાનું આયોજન કરવામાં આવે છે. રાજ્યમાં આયોજિત થતા મેળામાં જુદી જુદી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતા મહિલા કારીગર પ્રદર્શન સહ વેચાણ મેળામાં લઈ શકે છે. મેળામાં ભાગ લેવા માટે મેળા પોર્ટલ mela.gwedc.gov.in ઉપર પ્રથમ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી, સ્ટોલ બુકીંગ માટે ઓનલાઈન અરજી તેમજ ઓનલાઈન ફી ભરી ઓનલાઈન સ્ટોલ ભાડું ભરી, જે તે મેળામાં ઓનલાઈન મળેલી અરજીઓનો ઓનલાઈન ડ્રો કરી સ્ટોલ ફાળવણી ઓનલાઈન થાય છે. પ્રદર્શન સહ વેચાણ મેળામાં ભાગ લેવા માટે નિયત થયેલા પ્રતિ દિન-રૂ.૨૦૦/- સ્ટોલ ભાડું મહિલા કારીગરે ભરવાનું રહેશે.

જાન્યુઆરી-૨૦૨૬થી માર્ચ-૨૦૨૬ સુધી મહિલા આર્ટ એન્ડ ફેસ્ટિવલ મેળાના 6 મેળા આયોજિત કરેલા છે, જેમા નીચે દર્શાવેલાં સ્થળોએ અને મહિલા કારીગરોએ મેળામાં ભાગ લીધો છે

| ક્રમ | મેળાનું નામ | મેળાનું સ્થળ | સમયગાળો | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | મહિલા આર્ટ & ક્રાફ્ટ ફેસ્ટીવલ | રીવરફ્રન્ટ, અમદાવાદ | 28/01/2026 થી 03/02/2026 | 140 |
| 2 | મહિલા આર્ટ & ક્રાફ્ટ ફેસ્ટીવલ | હોસ્ટેલ ગ્રાઉન્ડ, ભરૂચ | 20/02/2026 થી 01/03/2026 | 100 |
| 3 | મહિલા આર્ટ & ક્રાફ્ટ ફેસ્ટીવલ | વિધાનસભાના પ્રાગણમાં, ગાંધીનગર | 23/02/2026 થી 27/03/2026 | 10 |
| 4 | મહિલા આર્ટ & ક્રાફ્ટ ફેસ્ટીવલ | વિધાનસભાના પ્રાગણમાં, ગાંધીનગર | 09/03/2026 થી 14/03/2026 | 10 |
| 5 | મહિલા આર્ટ & ક્રાફ્ટ ફેસ્ટીવલ | સી.બી.હાઇસ્કુલ ગ્રાઉન્ડ, વલસાડ | 11/03/2026 થી 20/03/2026 | 94 |
| 6 | મહિલા આર્ટ & ક્રાફ્ટ ફેસ્ટીવલ | નેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ, પોલીસ સ્ટેશનની સામે, ચીખલી, નવસારી | 18/03/2026 થી 24/03/2026 | 50 |
| | | | કુલ | 404 |























32+4 cover Total 36 pages. Commissionerate of women & child Development,
Block No 20, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat